Regd. No 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક સતરમો
ગુરૂવાર તા. ૧-૪-૩૭.

# શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમીટીની મળેલી બેઠક.

## તેમાં પસાર થએલા ઠરાવો.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની ઓલ ઇન્ડિયા સ્ટેન્ડીંગ કમીટીની તા. ૨૭, ૨૮ માર્ચ ૧૯૩૭ના રોજ મુંબઇમાં શ્રીયુત ડૉ. મુનશી હીરજી મહીશરી. એફ. સી: પી. એસ; એલ એમ. એન્ડ એસ. જે. પીના પ્રમુખપણા હેઠળ મળેલી બેઠકમાં નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર થયા છે.

### ૧ શોક પ્રદર્શન.

જૈન સમાજના આગેવાનો અને કોન્ફરન્સના કાર્યમાં પરમ સહાનુભુતિ ધરાવનાર શેઠ જીવણલાલ પનાલાલ જે.પી. મુંબઈ, શેઠ મણીલાલ મોતીલાલ મુલજી રાધનપુર, બાબુ પુરણચંદ નહાર કલકત્તા, શેઠ ગુલાબચંદ નગીનચંદ ઝવેરી, મુંબઇ વિગેરેના ખેદજનક દેહાવસાન થતાં આ સ્ટેન્ડીંગ કમીટી દીલગીરી જાહેર કરે છે અને તે સ્વર્ગસ્થોના આત્માને શાંતિ ઇચ્છે છે અને તેમના કુટુંબો પ્રત્યે હાર્દિક સહાનુભુતિ વ્યકત કરે છે.

### ૨. શ્રી મણીલાલ નાણાવટીને અભિનંદન.

કોન્ફરન્સની ઓલ ઇન્ડિયા સ્ટેન્ડીંગ કમીટીના એક સભાસદ શ્રીયુત મણીલાલ બાલાભાઈ નાણાવટીની રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના ડેપ્યુટી ગવર્નરના હોદ્દા ઉપર થએલી નિમણુંક બદલ આ સ્ટેન્ડીંગ કમીટી આનંદ પ્રદર્શીત કરે છે અને તેમને હાર્દિક અભિનંદન અર્પે છે.

### ૩. હિસાબ અને રિપોર્ટ પાસ.

કોન્ફરન્સના સંવત ૧૯૯૦ થી સં. ૧૯૯૨ સુધીના ઓડીટ થએલા હિસાબ તથા સરવૈયાં અને કાર્યવાહીનો રિપોર્ટ રજુ થતાં તે મંજુર રાખવામાં આવે છે.

### ૪. જનરલ સેક્રેટરીઓની નિમણુંક.

કોન્ફરન્સના રેસીડન્ટ જનરલ સેક્રેટરીઓ તથા ગુજરાત કાઠીઆવાડ વિભાગના જનરલ સેક્રેટરીના હોદ્દાઓ ઉપર અનુક્રમે શ્રીયુત મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ સોલીસીટર અને શ્રીયુત કાંતિલાલ ઇશ્વરલાલ (શેર એન્ડ સ્ટોક બ્રોકર) તથા શ્રીયુત મુલચંદ આશારામ વૈરાટી (અમદાવાદ)ની નિમણુંક કરવામાં આવેલ છે.

### ૫. આગામિ અધિવેશન.

કોન્ફરન્સના આગામી અધિવેશન માટે બે માસ દરમ્યાન અન્ય કોઇ સ્થળેથી આમંત્રણ નહિ મળે તો એક વર્ષ સુધીમાં તે યોગ્ય સ્થળે બોલાવવા આમંત્રણ કરી તત્સંબંધીની સર્વ વ્યવસ્થા કરવા નીચેના બંધુઓએ સ્વીકાર્યું છે.

૧. શ્રી જમનાદાસ અમરચંદ ગાંધી.
૨. શ્રી મણીલાલ મોકમચંદ શાહ.
૩. શ્રી અમીચંદ ખેમચંદ શાહ.
૪. શ્રી કેશવલાલ મંગળચંદ શાહ.
૫. શ્રી મનસુખલાલ હીરાલાલ લાલન.
૬. શ્રી વલ્લભદાસ ફુલચંદ મહેતા.
૭. શ્રી નાનચંદ શામજી.
૮. શ્રી રતીલાલ ચીમનલાલ કોઠારી.
૯. શ્રી મણીલાલ જેમલ શેઠ.
૧૦. શ્રી ચંદ્રકાન્ત સુતરીઆ.

### ૬. જૈન કોઓપરેટીવ બેંક.

જૈન કોઓપરેટીવ બેંકની સ્થાપના માટે ડાયરેકટરોની નીમણુ કરવા શેરો ભરાવવા વિગેરે ઘટતું કાર્ય કરવાની સર્વ સત્તા સાથે

(જુઓ: પાનું છેલ્લું.)

# તરુણ જૈન.

તા. ૧-૪-૩૭

## કૉન્ફરન્સની સ્ટેન્ડીંગ કમીટી.

(૨)

જૈન સમાજના જાહેર જીવનમાં સામાજીક દ્રષ્ટિએ જરાયે ઉત્સાહ જણાતો નથી કોઇકોઇ વખત એ પરિસ્થિતિ ટાળવા માટે સફળ પ્રયત્ન કરવામાં આવે છે પણ તે ક્ષણજીવી નિવડે છે. અધિવેશનો અને પરિષદો મેળાવડાઓ અને સભાઓ ક્ષણિક ચમકારો બતાવી જાય છે. પછી જરાયે અસર રહેતી નથી, આમ થવાનું કારણ પાછળનું અમલી કાર્ય કરનાર જાહેર સેવકોનો અભાવ છે. આપણે અધિવેશનો અને પરિષદો મેળવવાની હોય છે ત્યારે મહિના પહેલાંથી તૈયારી કરવી પડે છે, રાત્રિ અને દિવસ જનતામાં આંદોલનો જગવવા માટે પ્રયત્ન કરવો પડે છે અને જાગૃતિ આવે છે, પણ પરિષદો પૂરી થયા પછી નવા કાર્યકરોના અભાવથી અને જુના કાર્યકરો શ્રમિત થયેલ હોવાથી અમલી કાર્ય થઇ શકતું નથી. અને થોડો સમય વીત્યા પછી ઉત્સાહ પણ રહેતો નથી, આમ ચાલ્યા કરે છે આ રીતમાં પલટો આણવાની જરૂર છે. જે મહેનત ઉત્સાહ અને ખંતથી પરિષદને સફળ બનાવવા માટે મહિના પહેલાથી કરીએ છીએ એજ મહેનત જો પરિષદ પછી પણ ચાલુ રહે તો જરૂર આપણે આપણા ધ્યેય તરફ આગળ વધી શકીએ અને સમાજમાં ચેતન આણી શકીએ.

કૉન્ફરન્સના સ્થંભિત થયેલા કાર્યને વેગ આપવા માટે ઓ. ઇ. સ્ટેન્ડીંગ કમીટીની મીટીંગ બોલાવવામાં આવી, મૈશ્રી જેવા ઉત્સાહી પ્રમુખની રાહબરી નીચે ત્હેનું કામકાજ શરૂ થયું. વિચારોની આપ લે થઇ, કાર્યકરોની જે ખોટ હતી તે પૂરી કરવામાં આવી. અને નવો રાહ આંકવામાં આવ્યો, હવે માત્ર પ્રશ્ન એટલોજ રહે છે કે જે રાહ સ્વીકારવામાં આવ્યો છે, એથી કૉન્ફરન્સના ચક્રો ગતિમાન થશે કે ? અમને તે બાબત વિચારણીય લાગે છે અને ત્હેના કારણો છે.

તે એ કે કોઇપણ સંસ્થાની પાછળ જો જનતાનું પીઠબળ નહોય તો તે સંસ્થા કદી ટકી શકે નહિ. અને જનતાનું પીઠબળ ત્યારેજ મળે કે જ્યારે એ સંસ્થા દ્વારા કંઇક રચનાત્મક કાર્ય થતું હોય. જનતાનો સ્વભાવજ આપ લેનો હોય છે, ત્હેને એમ જણાય કે આ સંસ્થા આપણને ઉપયોગી છે, તો જરૂર એ ત્હેને દરેક જાતની સહાય આપશે. પરંતુ એમજ જો જણાય કે આની પાછળ સમય અને પૈસાની બરબાદી છે તો તે કદિ સાથ આપશે નહિ. કૉન્ફરંસની હાલની પરિસ્થિતિમાં જનતાનું જરાયે પીઠબળ નથી. અને તેનું કારણ રચનાત્મક કાર્યક્રમનો અભાવ છે. સ્ટેન્ડીંગ કમીટીમાં તે માટે કોઓપરેટીવ બેંક માટે ઠરાવ કરવામાં આવ્યો છે આપણે ઇચ્છીએ કે તેનો અમલ થાય પણ એકલા એ ઠરાવથી કૉન્ફરંસ વ્યાપક નહિ બની શકે, તે માટે તો કોઇ એવો એક પ્રશ્ન ઉપાડવાની જરૂર છે કે જે જુનવાણી અને સુધારકો બંને ને ઉપયોગી હોય. આવા અનેક પ્રશ્નો મળી શકે તેમ છે, માત્ર કાર્યકરોની તૈયારી જોઇએ.

બીજી બાબત આર્થિક પરિસ્થિતિ સુધારવા માટે જે સુચનાઓ કરવામાં આવી છે તે અમને તો અપુર્ણ લાગે છે. પ્રાંતિક સેક્રેટરીઓ અને સ્ટેન્ડીંગ કમીટીના સભ્યોને સુકૃત ભંડાર ફંડનો ફાળો ઉઘરાવવા માટે અનેક વખત કહેવામાં આવ્યું છે પણ તેનું પરિણામ કશું આવી શક્યું નથી. તે માટે તો એક સારૂં ફંડ ઉભું કરવાની જરૂર છે અને તે શ્રીમંતો કરી શકે તેમ છે. તે દ્વારા કંઇક રચનાત્મક કાર્યક્રમ યોજી જનતામાં ચેતનલાવી પછી જો આર્થિક બાબતમાં આમ વર્ગનો સહકાર માંગવામાં આવશે તો તે જરૂર આપશે.

ત્રીજું કૉન્ફરન્સના કાર્યને વેગ આપવા માટે કોઇ આત્મભોગી સેવક મળ્યો નથી. જે ઓધ્ધેદારોની ચુંટણી થઇ છે, તેઓ પોતાનો અંગત સ્વાર્થ જતો કરીને કૉન્ફરંસના કાર્યને વેગ આપે એમ માનવાને અમારો અનુભવ સાફ ના સુણાવે છે. જો કે જે ઓધ્ધેદારો નિમાયા, તેની યોગ્યતાની દ્રષ્ટિએજ ચુંટણી કરવામાં આવી છે. અને તેઓ ધારે તો જરૂરી ભોગ આપી શકે તેમ છે.

આમ બધી બાબતોનો વિચાર કરતાં કૉન્ફરન્સના ચક્રોને ગતિમાન કરવા માટે હજીપણ વિશાળ પ્રયત્નો કરવાની જરૂર છે, તેના ચુંટાયેલા ઓધ્ધેદારો ઉપર વિશાળ જવાબદારીઓ રહેલી છે. કોન્ફરંસમાં નવું લોહી ઉત્પન્ન કરી ત્હેમાં ચેતન આણવું પડશે. નવાં નવાં કાર્યક્રમો યોજી જનતાને આકર્ષવી પડશે કોન્ફરન્સ પ્રત્યેનો જનતાનો દબાઇ ગયેલો પ્રેમ પુનઃ જાગ્રત કરવો પડશે. વિચાર ભેદોને સ્થાન આપી અનેક ટેકરાઓ વટાવવા પડશે. અને ત્હેના ઉદ્દેશ પ્રમાણે સારાયે સમાજના અંગો ત્હેમાં ભાગ લઇ સમાજની સર્વોપરી સંસ્થા બનાવે એ જાતના પ્રયત્નો કરવા પડશે આમ થશે તોજ કોન્ફરન્સ સર્વવ્યાપક અને સાચું પ્રતિનિધિત્વ ધરાવતી જીવંત સંસ્થા બની શકશે. હાલના કાર્યકર્તાઓ પાસે આ જાતની આશા રાખીએ એ વધારે પડતી નથી.

અમે ઇચ્છીએ છીએ કે ઓધ્ધેદારો પોતાની જવાબદારી સંપૂર્ણ અદા કરે અને કોન્ફરંસને ચેતનવંતી સજીવ સંસ્થા બનાવી તે દ્વારા સમાજ હિતના અનેક કાર્યો કરી સમાજના આશિર્વાદ મેળવે.

# "ભૂતકાળની મહત્તાના હવાઈ ખ્યાલો પર ઝઝુમવા કરતાં-કર્તવ્યપરાયણ બનીને રચનાત્મક કાર્ય કરો."

## જૈનોન્નતિ માટે જૈન સાધુઓએ ખ્રીસ્તી ધર્મોપદેશકોનું અનુકરણ કરવું જોઈએ.

## જૈન બેંક, કોલેજ, હોસ્પીટલ તથા ઉદ્યોગાલયો સ્થાપવા માટે શ્રીમંતોને હાકલ.

### યુવકો તથા વૃદ્ધોએ કંઇ કાર્ય કરી બતાવીને સમાજને વિશ્વાસમાં લેવાની જરૂર.

### શ્રી જૈન શ્વે. કોન્ફરન્સની અ. હીં. સ્થાયી સમીતીની બેઠકમાં પ્રમુખ ડો. પુનશી મૈશ્રીનું ભાષણ.

મુંબઇ તા. ૨૯મી માર્ચ.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની અખીલ હીંદ સ્થાયી સમીતીની બેઠક આજે બપોર પછી શ્રી મહાવીર જૈન વીદ્યાલયના સભામંડપમાં મળી હતી. પ્રમુખપદે જાણીતા જૈન સુધારક ડો. પુનશી મહીશરી બીરાજ્યા હતા.

લાંબા કાળ પછી પરીષદ મુંબઇને આંગણે સજીવ બનતી હોવાથી જૈન ભાઇ બહેનોમાં અજબ ઉત્સાહ જણાતો હતો. પરિષદમાં ભાગ લેવાને ભારતના જુદાજુદા પ્રાંતોમાંથી પ્રતીનીધીઓ પણ આવ્યા હતા બહેનો પણ પરીષદની બેઠકમાં હાજરી આપી સમાનતાના સીધ્ધાંતને અનુસરી હતી.

**ઉન્નતીના પગથીઆ પર.**

બાળાઓના મંગળાચરણથી પરીષદના કામકાજની શરૂઆત થઇ હતી શરૂઆતમાં શ્રી મોતીચંદ કાપડીઆએ પ્રમુખનો પરીચય આપીને રાષ્ટ્રની ભાવનાના દ્રોહ ન કરમાય તેવી રીતે કોમને ઉન્નતિના પગથીયાં પર ચઢાવવાને જણાવ્યું હતું.

**પ્રમુખનું ભાષણ.**

પ્રમુખપદેથી ડો. પુનશી હીરજીએ ભાષણ આપતા જણાવ્યું હતું કે:—

કોન્ફરન્સની ઉપયોગીતા અને તેનું અસ્તીત્વ અહર્નીશ ટકાવી રાખવાની જરૂરીયાત સંબંધી આપ જેવા સુજ્ઞ બંધુઓને મ્હારે કંઇપણ કહેવા જરૂર હોય એમ હું માનતો નથી છતાં કોન્ફરન્સના હિસાબ તથા સરવાયાં જે આપણને હંમેશાં જોવા મળે છે તે તથા આજે રજુ થનાર હિસાબ વગેરે જોશો તપાસશો તો સહજ જણાશે કે જૈન સમાજની એકની એક અગ્રણી સંસ્થાને આર્થીક બીમારી હંમેશાં મુંઝવણ કરતી રહી છે. આ ઘટના ખરેખર ખેદજનક છે. અને તેનું નિવારણ કરવા આપણે સર્વેએ કટીબધ્ધ થવું જોઇએ. આપણે એ પણ જાણીએ છીએ કે આપણામાં શ્રીમંતોની સંખ્યા જુધ્ધીંગત થવાને બદલે ઘટતી જાય છે, અને વ્યાપાર ઉદ્યોગની મંદીએ જગતના વાતાવરણ અને હીંદનાં ચોક્કસ સંજોગોને કારણે ભારે અસર આપણી સમાજ ઉપર કરી છે. છતાં પણ જે સંસ્થા કોમની શોભા છે કોમનું ગૌરવ છે તેને પ્રાણવાન બનાવવી અને આર્થીક બીમારીની સતત ચિંતામાંથી મુક્ત કરવી એ પ્રત્યેક જૈનની ફરજ છે, એટલે અન્ય કાર્યોની વિચારણા કરતાં પહેલાંજ હું આપ સર્વેને એ બાબતનો ચોક્કસ માર્ગ કાઢવા આગ્રહ કરું છું. આપણે આ સંસ્થાદ્વારા અત્યાર અગાઉ જે કરી ચુક્યા છીએ તે કરતાં અનેકગણું કાર્ય હજુ કરવું બાકી રહે છેઃ અને તેથી આપણી પ્રથમ દ્રષ્ટિ કોન્ફરન્સને પુષ્ટ બનાવવા તરફ હોવી જોઇએ.

**સામાજીક બાંડગી.**

આપણી સામાજીક પરીસ્થિતિનો વિચાર કરીએ છીએ ત્યાં આપણે હજુ ત્યાંના ત્યાં જ હોઇએ એમ મને તો જણાય છે. આપણે તેનું કારણ શોધીએ આપણી પ્રગતીને બાધક નીવડનાર એકજ વસ્તુ મને લાગે છે; તે એ છે કે આપણામાં આંતરીક કલહો, પરસ્પર વૈમનસ્ય, મતભીન્નતા અને કદાગ્રહરૂપી કીડાઓ આપણા સમાજને કોરી રહ્યા છે. અને આપણે એક રીતે યા બીજી રીતે

તેને ઉખેડી નાખી આપણું આગવું સ્વત્વ કરવા પ્રયાસ કરવા જોઇએ. કોનો દોષ છે એ જોવાની પીડામાં પડવા કરતાં આપણે એ દોષોથી મુક્ત ન હોઇએ તો તેમાંથી છુટવા પ્રયાસ કરવો; અને બીજાઓને તેમાંથી ઉગારવા પ્રયાસો આદરવા જોઇએ. જ્યાંસુધી ક્લેશરૂપી સડો નષ્ટ ન થાય ત્યાંસુધી સમગ્ર સમાજનું હિત સાધવું અશક્ય છે. આવી પરીસ્થિતિ ચાલુ રહે તે ઇષ્ટ નથી કેમકે આપણી દરેક પ્રવૃત્તિ, દરેક હીલચાલ અને દરેક પ્રયાસમાં તે સંજોગો હરકત આડે આવ્યા કરતા હોવાથી આપણામાં એક પ્રકારની શીથીલતા આવે છે જ્યાંસુધી તે શીથીલતા આપણામાં ઘર કરી બેઠી છે ત્યાંસુધી આપણો આરો નથી. એટલે આપણે સર્વેએ આ દીશામાં પ્રયાસો કરવા જોઇએ.

### યુવકો રોગ નાબુદ કરી શકે

પુજ્ય મહાત્મા ગાંધીએ દેશની આઝાદીની લડત હસ્તગત કરી ત્યારથી યુવક પ્રવૃતિ વિશેષ સ્વરૂપે વ્યાપક બની. એની શરૂઆત તો પહેલાથીજ થતી આવી હતી એમ કહેવાની ભાગ્યેજ જરૂર હોય. આપણા દેશ અને દુનીયાનાં અન્ય દેશોમાં દરેક પ્રવૃતિ અને દેશના ભાવીનો સર્વ આધાર ભાવી નાગરીકો અને યુવકો ઉપરજ અવલંબે એમાં શક નથી. ઉત્સાહ, સહીષ્ણુતા, સતત પરિશ્રમ અને અવીરત કાર્ય કરવાની ભાવનાથી યુક્ત એવા યુવકો દેશનું અણમોલું ધન છે, અને તેમનાદ્વારા આપણે દેશ અને સમાજની અનેક વીધ સેવા કરી શકીએ. આપણા યુવાન બંધુઓ એ છેલ્લી રાજકીય લડતમાં ઘણો ભોગ આપ્યાનાં દ્રષ્ટાંતો આપણી સમક્ષ છે. પણ આપણા સમાજને હજુ જોઇએ તેવો તેમની સેવાઓનો લાભ મળ્યો નથી એમ હું માનું છું.

હવે તો એકને એક બે થાય એ જેવી સ્પષ્ટ વાત છે તેવી યોજના દ્રષ્ટિ સમીપ રાખી રચનાત્મક પદ્ધતિએ આપણે યુવકો કે વૃધ્ધો કંઇક કરી બતાવશું ત્યારેજ સમાજનો વિશ્વાસ મેળવી શકશું. ખાલી વાતો કરે, ચર્ચા કરે દહાડા વળે તેમ નથી.

### જૈન બેંક.

મ્હારા પુરોગામી અખીલ હીંદ સ્થાયી સમીતીની બેઠકના પ્રમુખ રા. સા. શેઠ રવજી સોજપાળે પોતાના નેતૃત્વ હેઠળ જૈન બેંકની યોજનાના બીજ રોપ્યા હતા. જેને ઉછેરી નવલભાઇજીએ ચૌદમાં અધિવેશનમાં મુર્ત સ્વરૂપ આપવા જેવું એ વૃક્ષને પલ્લવીત બનાવ્યું તેજ વૃક્ષના હવે વધુ સિંચન અર્થેનું કાર્ય અત્રે પુનઃ વિચારણા અર્થે આવે છે જો કે તે યોજના અત્યાર આગાઉ ફલિત થઇ ચુકી હોત પરંતુ ચોક્કસ સંજોગોમાં તે બની શક્યું ન હોય એમ જણાય છે; એટલે હવે આવા પલ્લવિત થયેલા વૃક્ષનાં મૂળ સુદ્રઢ કરી તેને પરીણામમાં અમલમાં લાવો એ દરેક રીતે ઇષ્ટ છે.

### બેકારીનો બાહુ.

આજે સમાજમાં બેકારીએ દુશ્મનનું સ્વરૂપ પકડયું છે, અને તે સંબંધમાં દુર્લક્ષ કરવા જેવું નથી. નાના મોટા ઉદ્યોગોમાં આપણે આપણા શ્રીમંતોને પોતાની મુડી રોકી આપણાં બંધુઓને સમાવેશ કરવા–ઠેકાણે પાડવા તૈયાર થવું જોઇએ બેંક જેવી યોજનાથી તે પ્રશ્નને પણ પહોંચી વળી શકાશે. તદુપરાંત એક મોટી મુડી ઉભી કરવામાં આવે અને તેમાંથી ઉદ્યોગો ઉભા કરવાની યોજના હાથ ધરાય તો તે પણ ઇષ્ટ છે.

તીર્થ સેવાનું કંઇક રચનાત્મક કાર્ય આપણે કરી શકીએ તે હેતુથી, તીર્થોના હકોના સંરક્ષણ અર્થે નહિ તો તીર્થો જે આપણો પવિત્ર વારસો છે તેને યથા સ્વરૂપે ઉભા રાખવા માટે એક મધ્યવર્તી સમીતી–કમીટીની જરૂર હું જોઉં છું. અમારી ન્યાતના દેરાસરના એક ત્રસ્ટી તરીકેના મ્હારા અનુભવ ઉપરથી હું કહું છું કે જીર્ણોદ્ધારની દરેક સ્થળે એવી જરૂરિઆત રહ્યાં કરે છે કે સેંકડો ટીપો દર વર્ષે આવે છે. આમાં ઘણી વખત તે દેરાસરોના સંચાલકો પોતાના તરંગો ખાતર પણ ખર્ચ કરતા હોય તે બનવાજોગ છે. વળી જ્યાં પાંચ ખરચે ચાલે ત્યાં પચીસના ખરચ આદરવામાં આવે અને તે માટે સંખ્યાબંધ જગાએ તેમણે ટીપ કરાવવા નીકળવું પડે તે કરતાં એક મધ્યવર્તી કમીટી મુંબઇ જેવા સ્થળમાં નિયુક્ત થાય કે જેને નાણાં ફાજલ પાડી શકતા દેરાસરો પોતાની સંપતી અનુસાર પ્રતીવર્ષ ચોક્કસ રકમ સોંપે તો ઘણું સારૂ અને એ કમીટીમાં તેવા દેરાસરોના પ્રતીનીધી–ટ્રસ્ટીઓ બીરાજે, અને બધી આવતી અરજીઓ પર સંપૂર્ણ તપાસ ચલાવી સલાહ આપે અને નાણાં આપે, આ રીતે જુદા જુદા દેરાસરોના ત્રસ્ટીઓની સત્તા ઉપર કાપ પડે છે એમ તેઓને નહિ લાગે અને પોતે પોતાના ઉપરાંત બીજી રકમોનો વહીવટ કરી શકશે.

### જૈન કોલેજ તથા હોસ્પીટલની જરૂર.

સંઘના એક અંગ સમાજને જ્યાંસુધી ભારે કેળવવામાં ન આવે ત્યાંસુધી આપણો સમાજ ઇતર સમાજની કક્ષામાં ન આવે તેમાં નવાઇ શું ?

હિન્દુસ્થાનની અંદર જૈન કોમ એક ધનાઢય કોમ ગણાય છે. આ શ્રીમંત વર્ગ પોતાની એ લક્ષ્મીનો શું ઉપયોગ કરતો હશે તે હું સમજી શકતો નથી. આ તેમની લક્ષ્મીમાંથી હજીસુધી આપણે એક પણ આપણી જૈન કોલેજ આખા હિંદમાં ઉભી કરી શક્યા નથી. એટલું જ નહિ પણ આંગળીને વેઢે ગણાય એટલી હાઇસ્કુલો પણ અસ્તિત્વમાં નથી અને આને માટે જેટલો આપણો સમાજ દોષિત ઠરે છે. તેટલો જ બલ્કે તેથી વિશેષ આપણો સાધુ સમાજ દોષીત ઠરે છે. તેઓએ ખ્રીસ્તી મીશનરીઓનું આ બાબત અનુકરણ કરવું જોઇએ. તેઓએ ખાલી બાધાઓ આપવાથી મુક્ત થઇ જૈન ધર્મનું તથા જૈનોની ઉન્નતિનું શિક્ષણ આપતી કોલેજો તથા હાઇસ્કુલો ઉભી કરાવવાનો પ્રચાર કરવો જોઇએ. એટલુંજ નહિ પણ તેઓએ જાતે ખ્રીસ્તી ફાધરો અને પ્રોફેસરો માફક પ્રોફેસરો તથા અધ્યાપકો તરીકે શિક્ષણ આપવું જોઇએ જો શ્રીમંતો કેળવણીની સંસ્થાઓ પુરતા પ્રમાણમાં ઉભી કરશે અને સાધુ વર્ગ મ્હેં જણાવ્યા મુજબનું શિક્ષણનું અને પ્રચારનું કાર્ય ઉપાડી લેશે તો જૈન સમાજ આજે જે સ્થિતી અનુભવી રહેલ છે તેથી ઘણીજ ઉન્નત અવસ્થાએ પહોંચશે તેટલા માટે મુંબઇનો શ્રીમંત વર્ગ અહીં એક કોલેજ ઉભી કરી બીજા પ્રાંતો માટે અનુકરણ કરવાનો દાખલો બેસાડે.

### જગતની સ્લેટ પરથી ભુંસાતો જૈન ધર્મ.

જૈન સમાજની ઘટતી જતી સંખ્યા તરફ આપણે જે દુર્લક્ષ

કરી રહ્યા છીએ તે ઘણું શોચનીય છે. આવી શ્રીમંત કોમને પોતાની એકાદ પણ હોસ્પીટલ મુંબઇ જેવા શહેરમાં ન હોય તો બીજે આપણે કેમ આશા રાખી શકીએ આ બાબતમાં આપણા ભાઇઓએ પારસી, કપોળ તથા ભાટીઆ કોમનો દાખલો લઇને અનુકરણ કરવું જોઇએ. જો શ્રીમંતો પૈસા ન આપે તો આપણા સેંકડો ટ્રસ્ટફંડોના ટ્રસ્ટીઓએ એકાદ યોજના ઘડી આ ફંડોના ઇન્વેસ્ટમેન્ટમાંથી આવી હોસ્પીટલની યોજના ઉભી કરવી જોઇએ તથા આપણે આરોગ્યતા તરફ દુર્લક્ષ સેવી રહ્યાં છીએ તેના પ્રચાર માટે સાધનો ઉભા કરી આપવા જોઇએ. આટલું જો થશે તો હું નિશ્ચય માનું છું કે આપણો જૈન સમાજ દીનપ્રતિદીન ઉન્નતિના પગથીએ જરૂર ચઢશે.

## આત્મભોગની આવશ્યકતા.

આ બધી વાતો આપણે અવશ્ય કરી શકીએ તેવી છે. પરંતુ 'ખાટલે મોટી ખોટ' કે આપણે આત્મભોગ આપી કામ કરનાર નથી. સૌએ થોડો ઘણો પણ સમય ફાજલ પાડી આત્મભોગ આપવા તૈયાર થવું પડશે.

પ્રાંતિક અને બીજી કમીટીઓની બાબતમાં શું કરવું એ સંબંધે હું મ્હારા વિચારો જણાવું તેનાં કરતાં અત્રે હાજર થએલા ભિન્ન ભિન્ન વિભાગોના સભ્યો પોતાની મુશ્કેલીઓ રજુ કરે અને તે પર વિચાર કરી નિર્ણય કરવાનું યોગ્ય થઇ પડે છતાં પણ એટલું તો કહીશ કે આપણી રાષ્ટ્રિય મહાસભાના અધિકારીઓ અને આપણી સભ્યો જેમ નીત્ય અગર જરૂર મુજબ પ્રવાસ કરી મહાસભાનું કાર્ય કરે છે તે રીતે આપણામાંના સભાસદો કે અધિકારીઓ જેઓ તેવું કાર્ય કરી શકે તે તે કાર્ય ઉપાડી લીંદનો પ્રવાસ વખતો વખત કરે તો ઘણો લાભ ઉઠાવી શકાય.

## કર્તવ્યપરાયણ બનો.

સમાજને ઉપર જણાવ્યા મુજબ ઉત્સાહી સહીષ્ણુ સેવાભાવી યુવકોની જરૂર છે ? આપણો વ્યાપારી વર્ગ જે પોતાના ધંધાની સુ-કમાઇમાંથી પોતે જાતે સેવા ન આપી શકે છતાં પોતાની સલાહ વ્યાપારી બુધ્ધિથી આપે અને તે ઉપરાંત આપણા સમાજની સર્વે જરૂરિઆતોને જાને તે રીતે સહજ પણ ખંચાયા વિના પોતે એવી આર્થિક સહાય કરતા રહે એ રીતે તેમની પણ જરૂર છે. તદુપરાંત આપણામાંનો શીક્ષીત વર્ગ સેવા અને અર્થની સહાય એ બન્ને આપે તેણે તેમ કરવું અને બેમાંથી જે આપી શકે તે આપે એ રીતે તેમની પણ આપણે જરૂર છે. કહેવાનો હેતુ એ નથી કે જે કાંઇ ન આપે તેની જરૂર નથી, દરેક પ્રકારની કક્ષામાં મૂકાઇ શકાય તેવા આપણા દરેક બંધુની, ચાહે યુવાન હોય, વૃધ્ધ હોય, શ્રીમન્ત હોય યા ગરીબ હોય કે પદવીધર હોય કે જે હોય તે હોય કોન્ફરન્સ એવી સંસ્થા છે કે જેને દરેક વર્ગની જરૂર છે અને સૌ પોતાથી બને તે રીતે પોતાનો ફાળો આપતા રહે. આમ થાય તો કોન્ફરન્સ દ્વારા આપણે ઘણું કરી શકીએ તેમ છીએ. માત્ર આટલા વિચારપર કેવળ રાચવા કરતાં ભુતકાળની આપણી મહત્તા હવાઇ ખ્યાલો પર જઝુમવા કરતાં કર્તવ્ય પરાયણ બનો એજ મારી એકની એક સુચના છે.

તે પછી રેસીડન્ટ જનરલ સેક્રેટરી શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ તેમનું નિવેદન રજુ કરતાં જણાવ્યું કેઃ—

## રેસીડન્ટ જનરલ સેક્રેટરીનું નિવેદન.

આપણી મહાસભાના મુંબઇના અધિવેશન પછી આજ લાંબા ગાળે આપણે સર્વને પુનઃ એકત્ર મળવાનો શુભ અવસર પ્રાપ્ત થયો છે, તો તે પ્રસંગે શ્રીમતી કોન્ફરન્સની વતી આપ સર્વે બંધુઓને અંતઃકરણ પુર્વક આવકાર આપતાં મને અત્યંત હર્ષ થાય છે.

આજે જૈન કોમના સર્વ દેશીય પ્રશ્નો માટે એક મધ્યસ્થ સંસ્થાની આવશ્યકતા સર્વ કોઇ સ્વીકારે છે. અને એવી સંસ્થા તરીકે આપણી કોન્ફરન્સે અત્યારસુધી પોતાનું પદ અબાધીતપણે જાળવી રાખ્યું છે. કારણ કે કોઇપણ ભેદભાવ વીના દરેક જૈન આ સંસ્થામાં આવી શકે છે, અને તેઓ પોતાના પ્રતિનીધીઓ બંધારણ અનુસાર મોકલી પોતાના વિચારો વીના સંકોચે દર્શાવી શકે છે, આ સંસ્થાની બંધારણીય રચના એટલી વીશાળ અને વ્યવહારૂ છે કે જેથી સંસ્થા પોતાની સ્થાયી સમીતી અને પ્રાંતિક સમિતિઓ દ્વારા પોતાના વિચારો અને કાર્યોને અમલમાં તુરત મુકી શકે, પરંતુ એ દિશામાં આપણે પ્રાંતિક સેક્રેટરીઓનીજ માત્ર નીમણુંક કરી શક્યા છીએ. જોકે કોઇ કોઇ સ્થળે એ વિષયમાં કાંઇક વિશેષ પ્રયત્નો થયા છે પરંતુ તેમાં જોઇએ તેવી સફળતા મળી નથી, આ વિષયમાં આજની સભા સંપુર્ણપણે વિચાર કરી કોન્ફરન્સની હસ્તી અને પ્રતિષ્ઠાના અંગને વધારે વિસ્તૃત કરશે એમ હું ઇચ્છું છું. અને આ બાબતમાં ખાસ કરીને પહેલી શરૂઆત મુંબઇથી કરવી, એટલે કે મુંબઇ કે જે પણ એક પ્રાંત છે તેની પ્રાંતિક સમીતી બનાવવી, અને તે સમીતિમાં ઓછામાં ઓછા ૫૦ થી ૫૫ સભ્યો બનાવી તેમને મુંબઇની સ્થાયી સમીતીના સભ્યો સાથે મેળવી તે દ્વારા આપણું કામ સહેલાઇથી આગળ ધપાવી શકાશે એમ મારી માન્યતા છે, આ યોજનાથી મુંબઇની આમ પ્રજા સાથે કોન્ફરન્સનો સંસર્ગ વિશેષ બળવાન થશે.

## બેકારીની નાગચુડ

જૈન બેંકની યોજના ગત અધિવેશનમાં પસાર થયા પછી કાર્યવાહી સમીતીએ યોજના અમલમાં મુકવા માટે એક પેટા સમીતીની નીમણુંક કરી હતી તેની મળેલી છેલ્લી મીટીંગમાં એમ જણાવાયું હતું કે જો ડાયરેકટરો આદીની તજવીજ સફળતા પુર્વક થઇ શકે તો જૈન બેંક ચાલુ કરી શકાય. તો આ સંબંધમાં જો તુરતજ અમલી પગલાં ભરવાનું વિચારવામાં આવે તો આપણે એક મહત્વનું કાર્ય શરૂ કર્યું ગણી શકાય.

આપ જાણો છો કે દેશમાં વ્યાપી રહેલી બેકારી આપણી કોમને પણ પોતાના પાસમાં લઇ રહી છે આપણા ઘણા ભાઇઓ એના ભોગ બની રહ્યા છે. આ બેકારીનુ પ્રકરણ એટલું બધુ મહત્વનું છે કે જો તે સબંધમાં કંઇપણ આપણે કરી શકીએ તો આમવર્ગને ઘણુંજ ઉપયોગી થઇ પડયા વિના રહે નહિ અને છેવટે આપણા બાહોશ પ્રમુખસાહેબ તેમજ આપ સઘળાની સહાનુભુતિથી આપણું કાર્ય વિશેષ સરળતાથી જરૂર આગળ ધપશે એમ હું વિશ્વાસ રાખું છું.

## બે ઠરાવો.

ત્યારબાદ પ્રમુખે નીચેના બે ઠરાવો રજુ કર્યાં હતાઃ—

જૈન સમાજના આગેવાનો અને કોન્ફરન્સના કાર્યમાં પરમ

સહાનુભૂતિ ધરાવનારા શેઠ જીવણલાલ પન્નાલાલ, શેઠ મણીલાલ મોતીલાલ, શેઠ પૂર્ણચંદનાહાર અને શેઠ ગુલાબચંદ નગીનદાસના ખેદજનક અવસાન થતાં આજની સ્ટેન્ડીંગ કમીટી શોક વ્યક્ત કરે છે અને તે સ્વર્ગસ્થોના આત્માને શાન્તિ ઇચ્છે છે.

કોન્ફરન્સની ઓલ ઇન્ડીઆ સ્ટેન્ડીંગ કમીટીના એક સભાસદ શ્રીયુત મણીલાલ બાલાભાઇ નાણાવટીની રીઝર્વ બેંક ઓફ ઇંડિયાના ડેપ્યુટી ગવર્નરના હોદ્દા ઉપર થયેલી નિમણુંક બદલ આજની સભા આનંદ પ્રદર્શીત કરે છે અને તેમને હારદીક અભિનંદન આપે છે.

આ ઠરાવો સભાજનોએ બહાલ રાખ્યા હતા.

તે પછી કોન્ફરન્સના મદદનીશ મંત્રી શ્રી માણેકલાલ મોદીએ પરીષદનો અહેવાલ તથા હિસાબ રજુ કર્યા હતા.

તે ઉપરાંત બીજું કેટલુંક કામકાજ બજાવીને પરીષદ આવતી કાલ પર મુલતવી રહી હતી.

### બીજા દિવસની બેઠકનું કામકાજ.

મુંબઇ તા. ૨૮મી માર્ચ

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરંસની અખીલ હીન્દ સ્થાયી સમીતીની બેઠક આજે પણ બપોરે એક વાગે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સભા ખંડમાં ડૉ. મુનશી હીરજીના પ્રમુખપદે મળી હતી.

આજે સ્થાયી સમીતીની બેઠકનો બીજો અને છેલ્લો દીવસ હોવાથી સભાસદો પ્રેક્ષકો પ્રતીનીધીઓ તથા કાર્યકરોમાં ઉત્સાહ વ્યાપી રહેલો દેખાતો હતો.

### સફળતાના સંદેશા

શરૂઆતમાં મંગળાચરણ થયા બાદ બેઠકને સફળ ઇચ્છતા બહારગામથી આવેલા અભિનંદનના સંદેશાઓ મંત્રીએ વાંચી સંભળાવ્યા હતા.

કોન્ફરંસના રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ તરીકે શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ તથા શ્રી કાન્તીલાલ ઇશ્વરલાલ મોરખીઆ અને ગુજરાત કાઠિયાવાડના મંત્રી તરીકે શ્રી મુળચંદ આશારામ તથા જનરલ સેક્રેટરીઓ તરીકે શ્રી બહાદુરસીંહ સિંધી તથા શ્રી ગુલાબચંદ ઢઢાની નીમણુંક થયેલી પ્રમુખશ્રીએ જાહેર કરી હતી જે સભાજનોએ બહાલ રાખી હતી.

### આગામી અધીવેશન ક્યાં ભરવું ?

ત્યારબાદ આગામી અધિવેશન ક્યાં ભરવું તે બાબત ચર્ચવામાં આવી હતી. આ અંગે શ્રી ગુલાબચંદ ઢઢા, શ્રી મોતીચંદ કાપડીઆ તથા બીજા ભાઇઓએ અધીવેશનનો ભુતકાળનો ઇતિહાસ રજુ કરીને અધીવેશન ભરવાના લાભાલાભ બતાવ્યા હતા.

અંતે જો બે માસમાં અધીવેશન ભરવાનું કોઇ પ્રાંતમાંથી આમંત્રણ ન મળે તો દશ સભ્યોની એક કમીટીએ બાર મહીનામાં અધીવેશન ગુજરાત અગર તો કાઠીઆવાડમાં ભરવાનો નિર્ણય કર્યો હતો.

તે પછી બેંક તથા કોન્ફરંસની આર્થીક બાબત સુદૃઢ કરવાને વીચારણા ચલાવવામાં આવી હતી. અને એ દીશામાં જુદા જુદા સભાજનોએ વીવીધ વિચારો રજુ કર્યા હતા.

### શોભાના પુતળાંઓની ઝાટકણી.

શ્રી. મોહનલાલ દેસાઇએ કોન્ફરંસની નિષ્ફળતાનાં કારણો રજુ કરતાં જણાવ્યું હતું કે કોન્ફરંસના સંચાલકો માત્ર શોભાના પુતળાં જેવાજ રહ્યા છે અને તેમણે એકેય સંગીન પ્રવૃતિ કરી નથી. વળી સમાજમાં ફાટફુટ અને પક્ષાપક્ષી પડી હોવાથી કાર્ય અમલમાં મુકી શકાતું નથી કેક ઠેકાણે હોળી સળગતી દેખાય છે. વક્તાએ કુસંપ દુર થાય તેવા પગલાં ભરીને તથા આળસુ કાર્યકરોને જાગ્રત કરીને રચનાત્મક કાર્ય કરવાને સભાજનોને જોરદાર ભાષામાં જણાવ્યું હતું.

### શ્રી પરમાનંદ કાપડીઆ.

શ્રી પરમાનંદ કાપડીઆએ પણ આ બાબત પર બોલતા જણાવ્યું કે, કોન્ફરંસને તોડી નાખનાર કોઇપણ હોય તો તે જૈન સાધુઓજ છે. તેમણે કોન્ફરંસને વેરવિખેર કરવામાં પ્રધાન ભુમિકા ભજવી છે. તેમની સત્તા ભુખે સમાજનું નિકંદન કાઢ્યું છે સાધુઓ ધારે તો કોન્ફરંસને ઉપયોગી થઇ પડે જે સમાજ તેમને પોષે છે તે સમાજની પ્રગતિ કરવાને તેઓ બંધાએલા છે.

વધુમાં શ્રી કાપડીઆએ ટ્રસ્ટીઓની નિષ્કાળજી અને દહેરાસરો નાણાંના વહીવટની વાંધાભરી નીતિ પ્રત્યે સખ્ત વિરોધ વ્યક્ત કરતાં તેમને વેળાસર ચેતી જવાને જણાવ્યું હતું.

ત્યારબાદ બીજા વક્તાઓએ પણ તેમના દીલમાં સળગતી આગને બહાર કાઢવી હતી.

અને બીજા બે ત્રણ ઠરાવો પસાર કર્યા બાદ બેઠકની પુર્ણાહુતી થઇ હતી.

છેવટે આભાર દર્શન તથા ફુલહાર થયા પછી સભા આનંદ અને ઉત્સાહ વચ્ચે વીસર્જન થઇ હતી.

**બાળ વિદ્યાર્થીભુવનને મદદઃ**—ભાવનગરથી શ્રી મનસુખલાલ ટી શાહ જણાવે છે કે ચાલું સાલમાં લગ્ન પ્રસંગને અંગે શહેરની જનતા તરફથી લગભગ ચારસો રૂપીઆની મદદ મળી છે. અને શેઠ ખુશાલચંદ વીરચંદના પુત્રી શ્રીમતી રંભાબ્હેન તથા વોરા નગજલાલ તારાચંદ ખોડીદાસ તરફથી રૂપીઆ ૨૫૧) આપી કાયમી તીથિ નોંધાવી છે. આ વિદ્યાર્થીભુવનમાં તદ્દન ગરીબ વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવે છે. અને ત્હેને ખાનપાન તથા કેળવણીના સાધનો પુરા પાડવામાં આવે છે. એજ્યુકેશન બોર્ડ તરફથી જે પરીક્ષા લેવામાં આવે છે ત્હેમાં નેવું ટકા પાસ થયા છે.

**શ્રી વીરતત્વ પ્રકાશક મંડળને મદદઃ**—શેઠ ગીરધર ત્રીકમલાલના સુપુત્ર ભાઇ ધીરજલાલ ગીરધરલાલના લગ્ન પ્રસંગે શેઠ ગીરધરલાલે ૨૫૦) રૂપીઆની મદદ કરી છે. તેમજ શેઠ દેવચંદભાઇએ ગોતમચંદ હીરજીની પેઢી તરફથી રૂપીઆ ૨૦ આપ્યા છે.

# દેવ. દ્રવ્ય

મારી સમક્ષ આજ એક મુશ્કેલી છે. આ વ્યાખ્યાન માળાના અગાઉના ત્રણ વ્યાખ્યાનોમાં મને એક સુગમતા એ હતી કે વ્યાખ્યાનના વિષયોનો અર્થ તો હું જાણતો જ હતો, પણ આજના વિષયના અર્થની મને ગમ પડતી નથી. ક્યારનો હું વિચારી રહ્યો છું કે દેવ અને દ્રવ્યનો સંબંધ શો અને એ શબ્દનો મર્મ શો હોઇ શકે? જૈનોના દેવ તો અંતિમ ફકિરી ધારી રહ્યા છે ને કોડી સરખીય રાખતા નથી એમની પાસે ધન અને સંપત્તિ હોવાની કલ્પના કરીને એ દ્રવ્યને દેવદ્રવ્ય કેમ કરી કહી શકાય? શબ્દ શાસ્ત્ર કે સિદ્ધાંત અનુસાર ભલે દેવદ્રવ્ય ન બનાવી શકાય પણ મનુષ્ય નામના પ્રાણીઓ ગમે તે કરી શકે છે એમ હું આ જગતમાં જોઇ રહ્યો છું. એ માનવો એક તરફ દેવને 'વિતરાગ' કહી શકે છે અને બીજી તરફ એમના નામે દ્રવ્ય એકત્રીત કરવાની ચિંતાય કરી શકે છે? એથી જ દેવદ્રવ્યને નામે મંદિરોમાં લાખ્ખો ને કરોડોનો માલ ભર્યો પડ્યો રહે છે. એના સંચાલકો કહ્યા કરે છે કે 'ભગવાનનું એ દ્રવ્ય હોઇ સમાજ હિતાર્થે ન વાપરી શકાય' આ રીતે 'વિતરાગ' ને શેઠજી બનાવીને આવા લોકો એના મુનિમ બની બેશીને મજા કરવા લાગે છે.

આપણે એ ભૂલી બેઠા છીએ કે જે વિતરાગદેવ પોતાને ખાતર બનાવેલું ભોજન પણ સ્પર્શતા નથી તે વિતરાગદેવ આવડી મોટી સંપત્તિનું શું કરે? જે દ્રવ્ય જગતના લાભાર્થે અને ગરીબોના કલ્યાણાર્થે વપરાઇ શકે તેજ દેવદ્રવ્ય કહી શકાય. ભગવાન જો ક્યાંયે હોય તો તે મંદિરોમાં કે મઠો પાસે તો નથી જ પણ એનું નિવાસસ્થાન ગરીબોના ઝુંપડામાં છે, અને એથી જ જો આપણે દેવદ્રવ્ય એકત્રીત કરવું જ હોય તો તે ગરીબોના લાભાર્થે જ ખરચાવું જોઇએ.

લાક્ષણીક ભાષામાં કહીએ તો વ્યક્તિના વપરાસ માટે નહિ પણ સાર્વજનિક ઉપયોગમાં લઇ શકાતું હોય તે જ દેવદ્રવ્ય ગણી શકાય. એના પર કોઇ વ્યક્તિની નહિ પણ સમસ્તની માલિકી હોઇ શકે. સમાજના ઉપયોગનું ન હોય એ દેવદ્રવ્ય કોઇ લાભનું નથી સંપત્તીના બે પ્રકાર છે—એક વ્યક્તિની, બીજી સમાજની, જે સંપત્તિ સમાજની હોવા છતાં સમાજના કામમાં નથી આવતી તે કોઇ વ્યક્તિના કામમાં આવે છે અને એના દ્વારા જ સત્તાઇને લુપ્ત થાય છે.

ઘણા કહે છે કે દેવદ્રવ્યનો સ્પર્શ પણ ન કરવો જોઇએ. એમ કહેનારા જ રોજબરોજ દેવદ્રવ્યનો ભોગોપભોગ કરી રહ્યા છે એ હકિકત ભૂલી જવા માગે છે. મોટા મોટા મંદિરો કોને બેસવા બનાવાય છે? ને એ મંદિરો જોઇને ચક્ષુ કોના તૃપ્ત થાય છે? આપણા કે ભગવાનનાં? જમિનપર જડેલા સુંવાળા સંગેમરમર પર ભગવાન ચાલે છે કે આપણે ચાલીએ છીએ? મંદિરમાં મ્હેકતા ધુપની સૌરભ ભગવાન માટે છે કે આપણા સારૂ? શી ચીજ એવી મંદિરમાં છે જેનો ઉપયોગ આપણે નથી કરતાં? હા, એમાં મૂકાતા મેવા મિઠાઇ આપણે નથી ખાતા, પણ પૂજારીને કે માળીને તો આપીએ જ છીએ. એ બધું એમને આપવાનું છે એ સમજણ પૂર્વક એમને પગાર ઓછો આપીને પૈસા બચાવીએ છીએ. આમ પરોક્ષ ઉપયોગ તો આપણે કરીએ જ છીએ. આપણે નહિ ખાવાનો નિર્ણય તો એટલા માટે કર્યો છે કે બિચારા નોકરને ખાદ્ય વસ્તુઓ પર ચોકી ન કરવી પડે! એવી ચોકી કરવામાં જ એની શક્તિઓ ખરચાઇ જાય તો દેવ સેવા એ ક્યારે કરી શકે? મારા કહેવાનો મતલબ એ છે કે મંદિરની તમામ વસ્તુઓનો ઉપયોગ આપણે કરીએજ છીએ છતાં એ દેવદ્રવ્ય છે, કારણ કે એનો ઉપયોગ સમાજનો કોઇપણ વ્યક્તિ કરી શકે છે. એના પર કોઇ વ્યક્તિની માલિકી નથી. પ્હેલાં જે પરિભાષા મેં બતાવી છે તે પ્રમાણે આને જ દેવદ્રવ્ય ગણી શકાય.

આમ હરરોજ દેવ દ્રવ્ય વાપરતા છતાં મને સમજાતું નથી કે કઇ હિમ્મત પર આ લોકો એમ કહી શકે છે કે 'દેવદ્રવ્યનો ઉપયોગ સામાજીક હિતોમાં નહિ થઇ શકે!' એક તરફ કેળવણી પ્રચારની સંસ્થાઓ પાઇ પાઇ માટે તલસે છે, અજ્ઞાનના અંધકારથી સમાજ ઘેરાયલો છે, અનાથ બાળકો ને વિધવાઓ મુંઝાય છે, ગરીબોને ખાવા નથી મળતુ ત્યારે બીજી તરફ અમારાં મંદિરોમાં લક્ષ્મીનાં પુરદમામથી નૃત્ય—ગાન ચાલે છે. કેટલી વિચિત્રતા! વિશ્વપ્રેમી વિતરાગદેવની આ કેવી અવગણના છે! હું એમ કહેવા માગુ છું કે વિતરાગ દેવની મૂર્તિ પર સોનાચાંદીના મુગટો ધરાવવા કરતાં ગરીબના ઉપર રોટલાનો ટુકડો ધરવો તે લાખ ગણું ઉત્તમ કાર્ય છે. આપણે વિવેકનું કેવું દેવાળું કાઢી રહ્યા છીએ—કે જે દેવને કશી ચીજની ખપ નથી, જે પરિગ્રહને ત્યાજ્ય માને છે એના મસ્તકને સંપત્તિના બોજાથી આપણે ભ્રષ્ટ કરી રહ્યા છીએ અને ભૂખથી જેનું પેટ પીઠ સાથે ચોંટી રહ્યું છે, જે પેટે પત્થર બાંધી રાત વિતાવે છે, બેસતાં જેની કમ્મર લળી પડે છે, ને જેને સારૂ વિતરાગ ભગવાને સર્વસ્વ ત્યાગ્યું તે ભૂખ્યાં બાળુઓને સારૂં આપણે રોટલાનો ટુકડો પણ નથી આપતા ને ઘૃણા દર્શાવી તિરસ્કારીએ છીએ? શું આવા પ્રકારના આચરણથી આપણે આપણને વિતરાગના સુપુત્ર કહેવડાવવા માગીએ છીએ? આમ વિતરાગદેવની જે અવગણના આપણે કરી રહ્યા છીએ એટલી તો એમના ઉપદેશને નહિ માનનારા પણ નહિ કરતા હોય. સાચી વાત તો એ છે કે વિતરાગને ઢાલ બનાવી આપણે હલકા સ્વાર્થની સાધના કરી રહ્યા છીએ. અને વિતરાગના અનુયાયી કહેવડાવવા છતાં વિતરાગ દેવથી ઘણે દૂર છીએ.

એક વાત હું ઘણા સમયથી વિચારી રહ્યો છું કે જૈનોએ માત્ર એકજ આરામાં તિર્થંકરો બનાવવા શરૂ કરીને એક બે નહિ પણ ચોવીસ તિર્થંકરો બનાવી દઇને ચોથા આરાના અંતમાં પૂર્ણ વિરામ કેમ મૂકી દીધું? એમ કહેવાય છે કે આપણા કરતાં ચોથા આરાના જીવો બહુજ સમજદાર અને બિલ્કુલ ધર્માત્મા હતા.

આજના આરાના માનવીઓ બહુજ હિણાને બુધ્ધિહિન મનાય છે. હકિકત જો એમજ હોય તો મને તો લાગે છે કે તિર્થંકરોની જરૂર જ ચોથા આરાના જીવો માટે હોય તેથી ઘણી વધારે પાંચમાં આરાના જીવોના ઉદ્ધાર માટે છે. પરન્તુ આ કેવું અંધેર છે કે પાંચમાં આરા માટે એક પણ તિર્થંકર રહેવા દેવામાં ન આવ્યા ?

આ પ્રશ્નનું મને સમાધાન જડતું નહતું પણ હવે એક કારણ જડ્યું છે. આજે-આજની જૈન દુનિયામાં-જો કોઇ તિર્થંકર આવી ચઢત તો આજના આપણા આચાર્યો અને ધનિક નેતાઓ સૌથી પ્હેલાં એનો બહિષ્કાર કરીને અને બુદને જ મંદિરમાં પેસવા ન દેત. એના પોતાના વિચારોને અને એની તિર્થંકરાઇને નાસ્તિક કે મિથ્યાત્વ કહેત. કદાચ એજ ભયે પાંચમાં આરા માટે કોઇ તિર્થંકર રોખ નહિ રહ્યા હોય.

આપ આને વિનોદ ના માનશો. આજના સમાજની પરિસ્થિતિ એવીજ બની રહી છે. એ જીવતાને અવગણીને એની કબ્ર પર ફુલ ચઢાવવાનું જાણે છે. જે મહાપુરૂષોને આપણે છેક ભીખારી બનાવીએ છીએ, એના પર દુઃખના ડુંગર ઉભા કરીએ છીએ, એને કે એના દીધેલા ઉપદેશને સમજવાની જરા જેટલીય ફીકર કરતા નથી. એની વિદાય પછી એને સુવર્ણસિંહાસને સ્થાપિત મૂર્તિમાં કલ્પીને હિરામોતીથી જડી દઇએ છીએ. જેને જીવતે રોટલીનો ટુકડોય મુશ્કેલીથી મળતો તેની મૂર્તિને છપ્પન ભોગ ધરાવીએ છીએ. પણ એથી એને શો લાભ ? એમાં એના ઉપદેશનું પાલન ક્યાં ? ખરી વાત એ છે કે આ બધી પૂજાઓ એમની નહિ પણ આપણાજ સ્વાર્થની છે. એની પૂજાનું સાર્થક તોજ કહેવાય જો આપણે એના આદર્શને અનુરૂપ એના સાચ્ચા સ્વરૂપને પૂજીને એની આજ્ઞાઓનું પાલન કરીએ.

કોઇએ તિર્થંકર દુઃખી બન્યા વિના નથી રહ્યા. ફેર એટલોજ કે એ પોતાની નહિ પણ જગતની ચિંતાથી શોષાય છે. સંસાર માટે એ ભૂખ્યા રહે છે, દિવસ ને રાત આદર્શ સિધ્ધી સારૂ આથડે છે, અને લોકોના કલ્યાણ સારૂ માનવી સહિ શકે તે તમામ કષ્ટ સહિને પણ પોતાની ભાવના પ્રસારે છે ને જગતને માર્ગદર્શન કરાવે છે, દુઃખીયાને માટે એકાદ આંસુ પણ આપણે સારી શકીએ તો એ સાચી દેવપૂજા છે. સમાજમાંથી ધન એકત્ર કરી દેવોના નામે તિજોરીઓમાં ભરી રાખવામાં કે દેવદ્રવ્ય એકત્રીત કરવા સારૂં પૂજાવાદના પ્રકારો સર્જવામાં દેવપૂજા નથી. જે દોષોને દુર કરવાને ખાતર પ્રભુએ જીવન સમર્પ્યું એ અશુદ્ધિઓથી એમને મઢવામાં આપણે કઇ ભક્તિ સિધ્ધ કરી રહ્યા છીએ ? 'દેવદ્રવ્ય' શબ્દનો અર્થ ઘટાવવોજ હોય તો આપણું કર્તવ્ય છે. કે દેવના નામ પર સંચિત થએલી સંપત્તિ સમાજના ઉપયોગમાં લગાવીને સમાજને દેવ-પૂજા કરવા લાયક બનાવીએ.

હું તો જાણું છું કે આ ભાષણ કરીને રોગીને મેં કડવું ઔષધ આપ્યું છે જે આખરે કૈંકને કૈંક લાભ તો આપશે જ.

વ્યાખ્યાતા શ્રી દરબારીલાલજી.

(પહેલા પાનાનું ચાલુ)

નીચેના બંધુઓની એક સમીતી નીમવામાં આવે છે. આ સમીતીએ સોંપાયેલ કાર્ય અંગે બે માસમાં કોન્ફરન્સની કાર્યવાહી સમીતીને રીપોર્ટ કરવો.

સભ્યો. ડૉ. મુનશી હીરજી મહીશરી. જે. પી. શ્રી. શાંતિદાસ આશકરણ જે. પી. રાવસાહેબ રવજી સોજપાલ, શ્રી દેવજી ટોકરશી મુળજી જે. પી. શ્રી ભવાનજી અરજણ ખીમજી, શ્રી મોહનલાલ હેમચંદ ઝવેરી, શ્રી ભોગીલાલ લહેરચંદ ઝવેરી, શ્રી હેમચંદ મોહનલાલ ઝવેરી, શ્રી ડાહ્યાભાઇ નગીનદાસ ઝવેરી, શ્રી કરમશીભાઇ પાચારીયા, શ્રી અમૃતલાલ કાળીદાસ. શ્રી નાનજી લધાભાઇ, શ્રી મોહનલાલ બી. ઝવેરી, શ્રી ચીનુભાઇ લાલભાઇ, શ્રી ફકીરચંદ કેશરીચંદ ચોક્ષી, શ્રી મકનજી જે મહેતા, શ્રી મગનલાલ મુલચંદ શાહ, શ્રી જમનાદાસ અમરચંદ ગાંધી, શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલ અને શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ.

૭. કોન્ફરન્સની આર્થિક સ્થીતિ સુદૃઢ કરવા અને બંધારણ અનુસારે પ્રાંતિક તથા સ્થાનિક સમીતીઓની રચના કરવા અંગેના પ્રશ્નો સંબંધે સભ્યો દ્વારા થએલી કેટલીક સુચનાઓની નોંધ લેવામાં આવી.

૮. સમાજમાં પ્રસરી રહેલી બેકારી નિવારણાર્થે વરકીંગ કમીટી દ્વારા યોગ્ય વિચારણા કરવી.

**૯. સંપ સાધવા પ્રયત્ન.**

જૈન કોમમાં અત્યારે કોઇ કોઇ જગ્યાએ વાતાવરણ સંક્ષુબ્ધ જણાય છે તે દુર કરી સુસંપ સાધવા યોગ્ય પ્રયત્ન કરવા અને શ્રીમતી કોન્ફરન્સના છત્ર નીચે સમસ્ત જૈન કોમની પ્રગતિ સાધવા યોગ્ય પ્રયત્ન કરવા નીચેના સભ્યોની એક સમીતી પોતાની સંખ્યામાં વધારો કરવાની સત્તા સાથે નીમવામાં આવે છે. તેઓ યોગ્ય પ્રયત્ન કરી ટુંક વખતમાં મન દુઃખનાં કારણો દુર કરવા સર્વ પ્રયત્નો કરે.

કમિટીના સભ્યોઃ-(૧) શ્રી. મુનશી હીરજી મહીશરી જે. પી. (૨) શ્રી. શાંતિદાસ આશકરણ જે. પી (૩) શ્રી. કરમશીભાઇ પાચારીઆ. (૪) શ્રી. ડાહ્યાભાઇ નગીનદાસ ઝવેરી (૫) શ્રી. મકનજી જે. મહેતા બાર-એટ-લૉ.

**૧૦. અંતરીક્ષજી તીર્થ સુધીની સડક.**

આકોલાથી બાસીમની સડક માલેગામ સુધી જાય છે. માલેગામથી અંતરીક્ષજી પાંચ માઇલ લગભગનો આંતરો છે ત્યાં સડક નથી તેથી યાત્રાળુઓને ઘણી તકલીફ પડે છે. શ્રી અંતરીક્ષજીની યાત્રા કરવા સમસ્ત હીંદથી યાત્રાળુઓ આવે છે અને સ્પેશીયલો પણ ઘણી વખત આવે છે આ સર્વે યાત્રાળુની સગવડ માટે માલેગામથી (શીરપુર) અંતરીક્ષજી સુધી પાકી સડક થઇ જવાની ખાસ જરૂર છે અને તે કામ તુરત હાથ ધરવા આ ઓલ ઇન્ડીયા સ્ટેન્ડીંગ કમીટી આગ્રહપૂર્વક વિનંતિ કરે છે અને તે કાર્ય જલદી પાર પાડી જનતાની સામાન્ય અગવડ દુર કરવા પ્રયત્ન કરવા આગ્રહ કરે છે.

આ સંબંધી જરૂરી પત્રવ્યવહાર કરવા કોન્ફરન્સની વરકીંગ કમીટીને સત્તા આપવામાં આવે છે.

૧૧. શ્રી. જમનાદાસ અમરચંદ ગાંધીએ એકટીંગ રેસીડેન્ટ જનરલ સેક્રેટરી તરીકે-કાર્ય છેલ્લા લગભગ ૧૨ માસથી કરી આ સંસ્થાની સેવા બજાવી છે તે માટે તેમને આજની સ્થાયી સમીતિ હાર્દિક અભિનંદન આપે છે અને તેમની સેવાની ખાસ નોંધ લે છે.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે મોનેટરી પ્રીન્ટરી. ૧૩૪-૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

મહાવીરનું તત્વજ્ઞાન. Regd No 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક ૧૮-૧૯
શુક્રવાર તા. ૨૩-૪-૩૭.

## શ્રી વીરનો સંદેશ.

શ્રી મહાવીર પરમાત્માનું જીવન એક પાઠ ખાસ સૂચવે છે : ગમે તેટલું સંકટ પડે, ગમે તેટલી યાતના થાય, ચાહે એટલાં ઉપસર્ગો થાય—પણ ગમે તેટલી અગવડે પોતાનું સાધ્ય સાધવું—આ શ્રીવીરનો મુખ્ય જીવન પ્રવાહ છે અને એમના જીવનના રહસ્ય સંદેશ તરીકે આપણે તે ગ્રહણ કરીએ. ગોવાળીઆએ એના કાનમાં ખીલા ઠોક્યા કે ચંડકોશીઆ નાગે એના પર ઝેરની જ્વાળાઓ નાખી પણ એમનો નિશ્ચય ફર્યો નહિ કે એ નરમ પડ્યા નહિ. છ માસ સુધી સાંભળતાં પણ કંપારી છૂટે એવા. ઉપસર્ગો સંગમ દેવે કર્યા પણ એનો નિશ્ચય અફર રહ્યો. ગોશાળાએ એમના નામની હુંડીઓ ચલાવી ત્યાં પણ પ્રભુ શાંતિથી સહન કરી ગયા અને કાનમાં ખીલા ઠોકાણા પણ એમનો નિર્ણય ચળ્યો નહિ. ભગવાને સાડા બાર વર્ષ અને એક પખવાડિયા સુધી ઉગ્ર તપ કરી બાહ્ય અને અભ્યંતર તપનો મહિમા પોતાના ચરિત્રથી ગાઇ બતાવ્યો. જ્યાં સુધી પ્રાણીમાં પોતાનું સાધ્ય પ્રાપ્ત કરવા માટે આવી ધગશ ન આવે ત્યાં સુધી એનું ખરૂં ખમીર જામતું નથી અને કદાચ જાગી જાય તોપણ ખરી અણીનું ટાંકણું આવે. ત્યારે એ નરમ પડી જાય છે. અને પછી આડા અવળાં બ્હાનાં બતાવી અશક્તિનો બચાવ કરવા એ નીકળી પડે છે. શ્રીવીરને આત્મવિશ્વાસ પણ એવોજ સ્પષ્ટ હતો એણે સર્વ પ્રયત્ન કરી આત્મતત્વ જોવાનું અને જીવવાનું નક્કીજ કર્યું હતું. એમને સુધર્મ સ્વામીએ મદદ કરવા કહ્યું ત્યારે એક ખરા મર્દને છાજે એવા શબ્દોમાં જવાબ આપતાં જણાવ્યું હતું કે 'તીર્થંકરો અન્ય બહારની વ્યક્તિની સહાય લઇને તેની દ્વારા પોતાનો મોક્ષ સાધતા નથી.' —અર્હંતો પારકાની સહાયથી કેવલ્ય પ્રાપ્ત કરે એવી વાત કદિ થઇ નથી અને થવાની નથી. આ જવાબમાં જે નીડરતા આત્મવિશ્વાસ અને સાધ્ય સાપેક્ષદ્રષ્ટિ દેખાય છે. તે નિર્ણય જો આપણામાં આવે તો આપણી જીવન યાત્રા સફળ થઇ જાય. જરા અગવડ પડે એટલે કરેલ નિર્ણયને મૂકી દેવામાં નિષ્ફળતાની અસર આત્મરાજ્યમાં પડે છે, અને આખા જીવનને વિકૃત બનાવી દે છે, બુદ્ધિશાળી માણસો પછી અનેક જાતના બચાવો તો શોધી કાઢે, પણ એમાં માણસાઇ નથી. વિશાળતા નથી, ખીલટ, વ્યવસ્થા નથી. વિશુદ્ધ દ્રષ્ટિવાળા આત્મવિશ્વાસુના વ્યવસાય તો અનેરાજ હોય. એને પોતાના નિર્ણયમાં શંકા પડે નહિ. નિર્ણય કરવા પહેલાં એ ખૂબ વિચાર કરે પણ એકવાર અમુક વાત કરવી છે. અને કરવા યોગ્ય છે એવો નિર્ણય થયા પછી તો 'કાર્યં સાધયામિ દેહં વા પાતયામિ' —એજ વિચાર હોય. એ નિર્ણયમાં જીવવું એ જીંદગીની મોજ છે. આનંદનો પ્રસાર છે. આત્મ સન્મુખતા છે અને એવા નિર્ણયવાળા અંતે સર્વ ઉપાધિથી મુક્ત થાય તેમાં કાંઇ આશ્ચર્ય નથી. જીવનમાં આ નિર્ણયભાવના કેળવવા જેવી છે, જીવવા જેવી છે અને એકવાર જીવ્યા પછી અંદરથી જે ઉમળકા ઉઠે તેનો અનુભવ કરવા જેવો છે. શ્રી વીર જીવનનો આ અગત્યનો પાઠ આપણે મન પર લઇ એને અનુસાર આપણો જીવન ક્રમ ગોઠવીએ.

—મૌક્તિક.

## અંતીમ સમયે અડતાલીશ કલાક સુધી સમજાવેલું ધર્મ સ્વરૂપ.

અમાવાસ્યાની રાત્રીના પાછલા પહોરે જગતવંદ્ય એ મહાપુરૂષે અડતાળીશ કલાકની ભવ્ય દેશના વડે અસંખ્ય માનવમેદની પશુ પક્ષીને અહિંસા ધર્મનું પાન કરાવી સમાજરચનાના હેતુ વર્ણવી અંતીમ પળે અમર આત્મા મોક્ષ નગરીમાં સિધાવ્યા. મનુષ્ય તરીકે જીવન ભરના આકરા તપ, ત્યાગ અને અહિંસાની ધર્મ ભાવનાએ સમાજે એમને છેલ્લા તિર્થંકર તરીકે સ્વીકાર્યા. સંસારમાં પ્રવેશતાંની સાથે માતૃપ્રેમ સ્વીકારી અભિગ્રહ લીધા બાળલીલાનો આનંદ ભોગવી યુવાન જીવનની શરૂઆત કરી, માતા પિતાનો વિયોગ અનુભવ્યો. મ્હોટા ભાઇ પ્રત્યે અસાધારણ ભ્રાતૃભાવ રાખી બે વરસને માટે અભિગ્રહ મોકુફ રાખ્યો અને બે વરસ પુરાં થતાં અસાધારણ રાજ્યલક્ષ્મી રાજ્ય સુખને તિલાંજલી આપી માનવ સેવા માટે ત્યાગ પદનો સ્વીકાર કર્યો દેવોએ આપેલી લક્ષ્મી માનવમેદનીને છૂટે હાથે દાનમાં આપી દીધી. શરીર ઉપરનું વસ્ત્ર ભીક્ષને આપી શરીર પરના મોહને તિલાંજલી દીધી. દિક્ષા પછી સાડાબાર વરસ અને એક પખવાડીઆ સુધી મૌન વ્રત પાળી આત્માની અનંત શક્તિનો પરિચય કર્યો, ન કલ્પી શકાય એવા ઉપસર્ગો સામે આત્મ શક્તિથી વિજય મેળવ્યો, અને અહિંસા ધર્મનો ધ્વજ ફરકાવ્યો. અનંતજ્ઞાન, અનંતશક્તિના એ મહાપુરૂષના આપણે અનુયાયીઓ કહેવાઇએ છીએ. આજના મંગળમય દિવસે એમની જયંતિ ઉજવી આપણે આપણા આત્માને જાગૃત કરીએ અને પ્રભુ મહાવીરે આત્માની અનંત શક્તિનું અને અહિંસાનું પ્રેરેલું સત્ય સમાજ આગળ જુદી જુદી રીતે રજુ કરી સમાજને એ તરફ વાળવા માટે પ્રયત્ન કરવાનું કર્તવ્ય આપણે પુરા ઉત્સાહથી કરીએ એજ અંતિમ પ્રાર્થના.

—રમેશ.

તરુણ જૈન.

તા. ૨૩-૪-૩૭

## મહાવીરનું તત્વજ્ઞાન.

આજથી ૨૫ સદી પહેલાંનો સમય એટલે તત્વજ્ઞાનીઓનો સમય. તે વખતે ભારતવર્ષમાં અનેક તત્વજ્ઞાનીઓ વસતા હતા, પોતેપોતાની રીતે જનતાને ઉપદેશ આપતા હતા, તેમાં ભગવાન મહાવીરનું તત્વજ્ઞાન સૌથી પહેલી કક્ષામાં આવે છે. કારણ કે એ તત્વજ્ઞાનનો, અનેક યાતનાઓ અને કષ્ટો સહન કરી, સાડા બાર બાર વરસની ઘોર તપશ્ચર્યા કરી અનેક પ્રકારના હૃદય મંથન પછી ઉદ્ભવ થયો છે, ત્હેમાં શ્રીમંતો અને ગરીબો સ્ત્રી અને પુરૂષો પશુઓ અને પંખીઓ બધાને માટે સરખોજ અધિકાર સ્વીકારવામાં આવ્યો છે, સંસારના સમસ્ત જીવોને અભયદાન આપવા હિંસાને ત્યાજ્ય ગણી છે. અસત્યને દૂર ધકેલી સત્યને સ્થાન આપવામાં આવ્યું છે. કોઈની પણ માલેકીની વસ્તુ ગ્રહણ કરવામાં ગુન્હો ગણવામાં આવ્યો છે, વીર્યની રક્ષા માટે બ્રહ્મચર્યને આદર્શ માનવામાં આવ્યું છે. આજના સામ્યવાદનો સમન્વય સાધતું પરિગ્રહ પરિમાણ નામનું વ્રત ઉપસ્થિત કરી સંતોષી બનવાની સલાહ આપી છે.

ભગવાન મહાવીરના જમાનામાં અનેક મહાપુરૂષો પોતાને તીર્થંકર તરીકે ઓળખાવી જનતાને આકર્ષવાનો પ્રયત્ન કરતા હતા, સૌ કોઈ પોતાની દ્રષ્ટિથી જોવાને ટેવાયલા હોઈ ખૂબ આપસઆપસમાં ઘર્ષણ થતું, એ ઘર્ષણ મીટાવવા ભગવાન મહાવીરે અનેકાંતવાદની થાપણા કરી અને સમસ્ત મહાપુરૂષોના સિદ્ધાંતોને અપેક્ષિત સત્ય સ્વીકારી તત્વજ્ઞાનનાં ઝઘડાઓ મીટાવવા ભગીરથ પ્રયત્ન કર્યો હતો ત્હેમની નીતિ ખંડનાત્મક નહિ પણ મંડનાત્મકજ રહી છે. અને ત્હેનો પૂરાવો—જ્યારે જ્યારે ભગવાન મહાવીરના પ્રથમ ગણધર શ્રી ઇન્દ્રભૂતિ (ગૌતમ સ્વામી) ભગવાનને પ્રશ્ન કરે છે, અને ભગવાન ત્હેનો ઉત્તર આપે છે, ત્હેમાંથી મળી રહે છે. સૂયગડાંગ સુત્રમાં ગૌતમ સ્વામી પ્રશ્ન પૂછે છે કે હે ભગવંત કેટલાકો કહે છે કે જીવ નથી અજીવ નથી પુણ્ય નથી પાપ નથી સ્વર્ગ નથી નરક નથી એ શું સાચી વાત છે. ત્હેના ઉત્તરમાં ભગવાન કોઈનેયે ઉતારી પાડયા. શિવાય ઉત્તર આપે છે કે હે ગૌતમ ! જીવ છે અજીવ છે પુણ્ય અને પાપ છે સ્વર્ગ અને નરક પણ છે. નથી એમ કહીશ નહિ. ભગવાનના ઉત્તરમાં નહિ માનનારાઓ માટે વ્યંગમાં પણ કશું કહેવામાં આવ્યું નથી.

બીજું દુનીયામાનાં દુઃખનું મૂળ ઔષધ ત્હેમાંથી મળી રહે છે. આજકાલ સામ્યવાદના ઉત્પાદક તરીકે કાર્લ-માર્કસને માનવામાં આવે છે. પણ સામ્યવાદના સિધ્ધાંતો તો હજારો વરસ પહેલાં ભારતવર્ષમાં ચર્ચાતા હતા, ભગવાન મહાવીરે જરૂરી ઉપરાંત એકપણ ચીજ સંઘરવાનો નિષેધ કરેલ છે. અને જીવનધોરણ શાંતિથી પસાર કરવા માટે કોઈને પણ ઉત્પાત ન થાય તે પ્રમાણે ચાલવાનો આદેશ કરેલ છે. જરૂર ઉપરાંતનો પરિગ્રહ રાખવામાં પાપ માનવામાં આવ્યું છે. અને સંતોષ પૂર્વક જીવન વીતાવવાનો આદેશ આપવામાં આવ્યો છે.

ત્રીજું ત્હેમના તત્વજ્ઞાનમાં વ્યાકરણ ન્યાય કાવ્ય કોષ, નાટક, ચંપુ, અલંકાર, વૈદક જ્યોતિષ આદિ દુનીયાના નાના મોટા દરેક વિષયોને ઓછાવત્તા પ્રમાણમાં સ્થાન છે સૂર્ય પ્રજ્ઞપ્તિ અને ચંદ્ર પ્રજ્ઞપ્તિ જેવા પ્રખર ગ્રંથો ત્હેની સાબીતી છે.

ચોથુ કર્તવ્ય પાલન તે ધર્મ માનવામાં આવ્યો છે. અને ત્હેમાં આપણું રાષ્ટ્ર પ્રત્યેનું કર્તવ્ય, સમાજ પ્રત્યેનું કર્તવ્ય, દેશ અને કુટુંબ પ્રત્યેનું કર્તવ્ય વગેરે દરેક દ્રષ્ટિએ કર્તવ્ય પાલન કરવું ત્હેનું નામજ ધર્મ છે. તેમ ઉપદેશવામાં આવ્યું છે. જગતના તમામ તત્વજ્ઞાનીઓ જ્યારે માનવીઓ પ્રત્યે આપસ આપસમાં બંધુત્વ કેળવવાની વિચાર સરણી રજુ કરે છે. ત્યારે ભગવાન મહાવીર જગતનાં તમામ જીવો પ્રત્યે બંધુત્વ કેળવવાની દીક્ષા આપી વિશ્વ બંધુત્વનું દિવ્ય સંગીત સંભળાવે છે. ત્હેમનું દરેક વચન યુક્તિ સિધ્ધ છે. અને તેથીજ હરિભદ્રસૂરિ જેવા પ્રખર વિદ્વાન પણ કહે છે કે મને ભગવાન મહાવીરમાં પક્ષપાત નથી. અને કપીલ આદિ મુનિઓમાં દ્વેષ નથી. પરંતુ જહેનું વચન યુક્તિ સિધ્ધ છે ત્હેજ ભગવાન મહાવીરના વચનોને ગ્રહણ કરવા લાયક છે.

આમ ભગવાન મહાવીરનું તત્વજ્ઞાન સર્વ શ્રેષ્ટ મનાયું છે તેમાં આબાલ વૃદ્ધ સૌ કોઈને સ્થાન છે. યુવાનોને તેમાંથી કર્તવ્યની હાકલ સંભળાઈ છે. આત્મભોગ આપવાના આદર્શો મળે છે. અને સેવા ધર્મનો ગગનભેદી નાદ સંભળાય છે. ચૈત્રી સુદિ તેરસે એ મહાપુરૂષનો જન્મ દિન હોવાથી તે દિવસે સ્થળે સ્થળે તેમની જયંતિઓ ઉજવાશે. ત્હેમના જીવનની અનેક ઘટનાઓ જનતાસમક્ષ રજુ થશે. તેમાંથી કંઈક પ્રેરણા મેળવી યુવાનો કંઈ કર્તવ્ય પંથે આગેકુચ કરે અને તેમના તત્વજ્ઞાનનો ખજાનો જગતમાં વ્યાપક બનાવવા પ્રયત્ન કરે એજ અભ્યર્થના.

# પ્રેરક કાં નથી ?

ઐતિહાસિક સિધ્ધિઓ છતાં પ્રભુ મહાવીરનું જીવન, એનો જીવન વિકાસ આપણને પ્રેરક તત્વો કેમ પૂરાં પાડતાં નથી એ આજે વિચારીએ. સનાતન સત્યો હોવાને કારણે એમણે દીધેલ ઉપદેશ-સત્યો આપણાં આદર્શ બને છે. એ આદર્શ સ્થાપીને આપણે વધતો કે ઓછો પરિશ્રમ કરીએ છીએ. એ આદર્શના અલ્પાંશને પણ આપણે સિદ્ધ કરીએ તો સંતોષ અનુભવી લઈએ છીએ અને વધુ માટે ચિંતન ને પ્રયાસ ન કરી શકીયે તો મનદુઃખ અનુભવીએ છીએ.

મહાવીરભાખ્યા ઉપદેશ પ્રત્યે આટલી ભક્તિ છતાં પ્રભુમહાવીરનું જીવન આપણા માર્ગને અજવાળતું નથી. અશક્ય આદર્શોની પરિકથાઓ જેવું એ આપણને લાગે છે. પરિકથાઓ-ઉડતી દેવીઓ ને રૂપસુંદરીઓ. ચંદ્રમાંના તેજ જેવું સરોવર નિર; જાદુઇ ઘોડાઓ ને જરજવાહરથી મઢ્યા દેવપુરુષો, જાદુઇ વીંટીઓ અને દેશદેશ કલ્પના જેટલી ત્વરિત વેગે લઇ જતી જાદુઇ પવનપાવડીઓ આ બધું પરિસાહિત્ય બાળક બુદ્ધિને બહુ ગમે છે, એની નજર ને કલ્પના પર જાદુ કરી એ એમને નજરકેદ કરે છે, પરંતુ વય વધતી જાય છે, વાસ્તવીકતા સમજાતી જાય છે ત્હારે આ પરિસૃષ્ટિ સ્વપ્ન-સૃષ્ટિની માફક નિશાન મૂક્યા વિના વિલિન થાય છે.

કૈંક એવુંજ જૈન ધાર્મિક ચરિત્રો-તિર્થંકરોના ને મહાપુરુષોના અને ઉપદેશાત્મક કથા સાહિત્યને વાંચતાં આપણે અનુભવીએ છીએ, અશક્ય વાતોની કલ્પના જાળમાં વાસ્તવિક હકિકતો એવી રીતે વિંટાઇ પડી છે કે જે શુધ્ધ સ્વરૂપે નજરે પડતી નથી. પરિણામે આપણા કલ્પના-પ્રદેશે એક માયાવી સૃષ્ટિ સરજાય છે જે કેવળ આશ્ચર્ય ઉદભાવીનેજ જતી રહે છે. આવી કથાઓ રચવામાં લોક કલ્યાણના ઉદ્દેશે જે પરિશ્રમ લેવાયો હોય છે તે એના ઉદ્દેશને અળગો રાખીને માત્ર એ કથા લેખકની હવામાં મ્હેલો બાંધવાની કળા પર મુગ્ધ કરે છે. મુગ્ધતાની એ પળ વહી જાય છે ત્હારે કોઇ કાયમી અસરને બદલે પેલી પરિકથાઓની જેમ કેવળ શુન્યકારજ રાખી જાય છે.

આવા કથાનકો નથી શુદ્ધ સ્વરૂપે હકિકતો રજુ કરી શકતાં, નથી પ્રતિ પગલે વધતો જતો કથાનાયકનો વિકાસ દર્શાવી શકતા; કથા નાયકે સેવેલા પરિશ્રમની પ્રશંશા કરીએ એ ભાવ પ્રકટાવી નથી શકતા, નથી નાયક પરત્વે પૂજ્ય ભાવ પ્રકટાવતાં અને એ બધાંને કારણે એમાંથી પ્રેરણા સાંપડતી નથી, એ નાયક જેટલો શુદ્ધ ભાવે પરિશ્રમ કરીએ તો આપણે પણ એવું કૈંક કરી શકીએ એવી શ્રદ્ધા જન્મતી નથી અને એથી અશક્ય આદર્શો દર્શાવતી આ કથાઓ કેવળ 'અહા'નો ઉદગાર પ્રકટાવી મન, મગજ કે જીવનમાં કૈં તત્વો મૂક્યા વિના વહી જાય છે.

એવા નાયકોની મહત્તા સતત્ ચિંતન, ત્યાગ, અને લોકકલ્યાણની ભાવનાના પરિશ્રમમાં રહી છે એમ સમજાવવાને બદલે કેવળ ભાગ્યદેવીનાં એ કૃપાપાત્ર ફરજંદ છે એમ આવા કથા લેખકો આપણને સમજાવે છે એટલે જીવનમાં પુરૂષાર્થનું મહત્વનું સ્થાન ભાગ્ય રોકી લે છે. વળી ભાગ્ય અંગે સામાન્ય માન્યતા એવી છે કે ભાગ્ય બારણું ઠોકતું આવે છે. આમ પરિશ્રમ અલ્પતા ધારણ કરે છે ને જીવન વિકાસના પ્રેરક બળો આપણા મહાનાયકોના લખાયેલા જીવન ચરિત્રોમાંથી આપણને શોધ્યા સાંપડતા નથી.

ગત જીવનના સંસ્કારો ભલે હોય છતાં કોઇએ બાળક જન્મથી મહાન હોતું નથી. શક્ય છે કે બીજામાં દુર્લભ એવી બુદ્ધિ પ્રતિભા ત્વરિત નિર્ણય શક્તિ અને નિર્ણયને અમલમાં મૂકયા પછીની અણનમ મક્કમતા એવા અસાધારણ બાળકમાં જલ્દી પ્રગટે. આવા ગુણોને લઇને એનો વિકાસ એ જલ્દી સાધે ને લોક કલ્યાણ એના જીવનનું પરમ ધ્યેય બની રહે. પણ આ મહત્તા સીદ્ધિ દરમ્યાન વિચારોનાં વિપુલ યુદ્ધ, પ્રલોભનોની ખેંચાખેંચ, અને બાહ્યાંતર ડગાવી દે ત્હેવાં સંકટોનો એણે સામનો કર્યો હોય છે અને આદર્શની જ્યોતને બુઝાવવા મથતાં ઝંઝાવાતો આડે શરિરને ઢાલ બનાવીને એણે એ જ્યોતને સચેત રાખવા અનેક પ્રયત્નો કર્યાં હોય છે.

આ મંથનો-આ પ્રગતિ પગથાર એના વાસ્તવિક સ્વરૂપમાં આપણી જૈન કથાઓ રજુ નથી કરતી. ભગવાન મહાવીરનુંજ ચરિત્ર હમણાં મેં ફરીથી વાચ્યું.

'માતાના ગર્ભમાંથી ભગવાન વિચારવા લાગ્યા. માતાને ઉત્પન્ન થયેલું દુઃખ નિવારવા પોતે કંપવા ફરવા લાગ્યા તેથી ત્રિશલા માતાનો શોક દુર થયો.'

'ગર્ભમાં ભગવાન સાડા છ માસના થયા ત્યારે એમને વિચાર આવ્યો ને નિર્ણય કર્યો કે માતાપિતા હયાત હોય ત્યાંસુધી મારે દિક્ષા ન લેવી.'

'આસન કંપથી પ્રભુનો જન્મ જાણી ઇંદ્ર સપરિવાર સુતિકાગૃહ આવ્યા. ભક્તિવશાત જન્મ મહોત્સવ કરવાને ભગવંતને મેરૂ પર્વત પર લઇ જવા, ભગવંતના માતાને અવસ્વાપિની નિંદ્રા આપી અને તેમની પડખે ભગવંતનું પ્રતિબિંબ મુકી ઇંદ્રે પોતાના શરિરના પાંચ રૂપ કર્યાં. એક રૂપે તેમણે પ્રભુને ઉપાડી કર સંપુટમાં રાખ્યા. બીજા રૂપે ભગવંત પર છત્ર ધારણ કર્યું અને બે રૂપે ચામર ઢાળવા લાગ્યા અને એક રૂપે વજ્ર ઉછાળતા આગળ ચાલવા લાગ્યા.'

'ઇંદ્રને સંશય થયો બાળભગવંત બારસો પચાસ જળાભિષેક કેમ સહન કરશે ? તિર્થંકરોનું અતુલ બળ જણાવવા પ્રભુ બાળક હોવા છતાં પોતાનાં ડાબા પગના અંગુઠાથી મેરૂ પર્વતને દબાવ્યો. મેરૂ કંપાયમાન થયો.'

'તિર્થંકરોના શરિરમાંનું રૂધિર ગાયના દુધ જેવું શ્વેત હોય છે.'

'ભગવાનને વ્યવહારની તમામ કળાઓ અને વિજ્ઞાનઅંગે નવું શિખવાનું ન્હોતું છતાં માતાપીતાએ ફરજ બજાવી તેમને નિશાળે મુક્યા.'

—આટલાંજ અવતરણો બસ નથી ? આ પ્રકારના કથાનકો પર ટીકા કરી સમય વ્યય કરવા હું નથી માંગતો. પરંતુ આવી પરિકથાઓને કારણેજ આપણું સાહિત્ય આટલું વિપુલને વર્ણનાનિક છતાં, એમાં જીવનનાં ખુબ ઝીણા વિલોકન છતાં પ્રચાર નથી

# ત્રિશલાનંદનને

આજથી પચ્ચીસો વર્ષ પહેલાં અર્થહિન આચારોને કંટાળા ભરેલી ક્રિયાઓએ સ્થાન લીધુ હતુ. બ્રાહ્મણો સર્વસત્તાધિશ બનીબેસી સ્વર્ગમોક્ષના પરવાના આપવાની પામરતા કરતા હતા, ઉંચનીચના ભેદની દીવાલો ખડી કરવામાં આવી હતી, દુઃખદાય તેવા યજ્ઞ-યાગો પૂર જોરશોરથી ચાલતાં હતા શાસ્ત્ર અભ્યાસ કે સ્વતંત્ર વિચારણામાટે બ્રાહ્મણોજ પોતાને અધિકારી માનતા હતા, ધર્મના નામે પશુપક્ષીને મનુષ્ય સુધ્ધાની હિંસાની હોળી ખેલાઇ રહી હતી, જ્ઞાતિની મર્યાદાઓ સાંકડી થઇ રહી હતી, પુરૂષાર્થ, સત્ય સહનશીલતા, ત્યાગ ને તપ ગૌણ બન્યાં હતા, ટુંકમાં સારા યે સમાજની દુર્દશા થઇ રહી હતી તે જમાનામાં લીછવી રાજ્યના ક્ષત્રિકુંડ નગરમાં સિધ્ધારથ રાજવીને ત્યાં માતા ત્રિશલાની કુખે ચઇતર સુદ ૧૩ ના રોજ આપજેવા જગત ઉધ્ધારક પુરૂષનો જન્મ થયો. જ્યારે સારીયે સમાજની દુર્દશા થઇ રહી હતી ત્યારે તેને ઉગારી લઇ સાચે રસ્તે ચડાવવા, રાજ્યલક્ષ્મિને ઠોકર મારી સગાસ્નેહિઓના મોહ છોડી ઉધ્ધાર માટે આકરાં વ્રતલીધાં. કલ્પી ન શકાય, સાંભળતાં કંપારી છુટે તેવા સંગમના પગઉપર ખીરપાકના, કાનમાં ઠોકાતા ખીલાના આવા ન્હાના મ્હોટા અનેક દુઃખો બારબાર વર્ષના ગાળામાં સહન કર્યાં છતાં ઓ સહનશીલતાના મહાસાગર ! ક્રોધની લેશ પણ લાલી લાવ્યા વિના, અરે ! એક શબ્દ પણ ઉચાર્યા સિવાય મૌન સેવીને તમામ કર્મો પર વિજય મેળવી મહાજ્ઞાની–કેવળી થયા.

આપ મહાજ્ઞાની થઇને બેસી ન રહ્યા, આપ તો પુરૂષાર્થ વીર હતા, પ્રમાદના કટ્ટર વિરોધી હતા, આપને તો રાહ ભૂલેલા જગતનો ઉદ્ધાર જ કરવો તો, એટલે પુરૂષાર્થના બળે પ્રાપ્ત કરેલ જ્ઞાનથી શાન્ત, રૂચીકર, દુશ્મનને પણ ગળે ઉતરે તેવી હૃદય સ્પર્શી, ગંભીર, વિશાળ, દષ્ટિવાળી સૌ સમજે તેવી લોક ભાષામાં ઉપદેશ શરૂ કરી પ્રમાદમાં પડેલા, નિદ્રામાં ઘોરતાં ભારતના નર–નારીઓને જગાડયાં–ખડાં કરી દીધાં ને અહિંસા, સત્ય, પુરૂષાર્થ, બંધુભાવના નાં અમૃતપાન પાયા, સાથે પુરૂષ સ્ત્રીના સમાન હક્કો, ઉંચનીચના ભેદ ટાળવાની અનેક સુધારાની ઘોષણા સાથે માટીમાંથી માનવી બનાવી ગુલામીની બેડીયો તોડી આઝાદ બનાવ્યા.

જગતના કલ્યાણ માટે, સર્વ જીવને શાસનના રસીયા કરવા માટે, જૈન ધર્મને વિશ્વ ધર્મ બનાવવા માટે આપે સંઘની સ્થાપના કરી. અને ભવિષ્યમાં ઉપદેશકો–સાધુ સાધ્વીઓ રાગદ્વેષે ન દોરાઇ જાય તેથી કડક નિયમો ઘડયા. આખરે અંતનો સમય આવ્યો છતાં ૪૮ કલાક સુધી ઉપદેશ રૂપી અમૃતનું સીંચન કરી વર્ષને છેલ્લા દિવસે આપ નિર્વાણ પામ્યા,

---

પામતું, જીવનમાં જોઇએ તેટલું ઉપયોગી નથી નિવડતું અને માત્ર પાંગળું જ રહ્યું છે.

આજનું જગત જ્ઞાનદ્રષ્ટિએ પ્રાથમિક દશાથી વિકસ્યું છે લોકો વાંચી શકે છે ને વિચારી શકે છે ત્યારે આવી ચમત્કારીક ને અવૈજ્ઞાનિક માયા સૃષ્ટિઓથી લોભાવાનું એને પાલવશે નહિ. પરિકથાઓમાં એની સુંદર શલી ને ઉડ્ડયન કરતી મનોરમ્ય કલ્પનાઓ અને જગતમાં ના જડે એવી સુલલિત સુંદરીઓ સભર ભરી હોય છતાં બાળકો સિવાયના માનવો એનાથી રાચતા નથી આ પ્રકારનાં વિકાસ વાંચ્છુ માનવો માટે જૈન સાહિત્યની પુનરરચના થવી જોઇએ.

રહેઠાણનાં જૂનાં ઘર જીર્ણું થયે અને જીર્ણું ન થાય તો પણ આધુનિકતાનાં કારણે આપણે ફેરવીએ છીએ કે નવાં બાંધીએ છીએ આધુનિક પધ્ધતિ મુજબ એમાં ફેરફાર ને આંખને ગમે માટે નવાં રંગરોગાન આપણે કરીએ છીએ કારણ કે પ્રગતિ કરતી દુનીયામાં પાછા પડેલા આપણે આપણને જોવા માગતા નથી.

સાહિત્ય આજે જીવનનું અગત્યનું અંગ મનાય છે. પંથ સંપ્રદાય કે સંસ્થાના સાહિત્ય પરથી એની સજીવતાને નિર્જીવતા અને એની સાર્થકતા કે અસાર્થકતા સમજાય છે. સાહિત્ય જેટલું સરસને સુધિરમ્ય કલ્પનાઓ જેટલી તળપદીને જીવનમાંથી વિણેલી એટલીજ લોક જીવનને વધુ સ્પર્શે અને જે હૃદયને સ્પર્શી શકે તેજ લોકોનાં કલ્યાણ કરાવી શકે ને આદર્શ પ્રચારી શકે

જૈન ધર્મે એની મહત્તા ભોગવવીજ હશે તો એનો આદર્શ પ્રચારવોજ હશે તો આવતા યુગમાં કેવલ મંદિરો પર મુસ્તાક રહીને નહિ કરી શકે, એના સાહિત્યની લોકોપયોગીતા એને સિધ્ધ કરવી પડશે. તેજ એની મહત્તા જળવાઇ રહેશે.

માનવી ન્હાનકડા ને અણુઝ ભૂલો કરતાને સુધારતા, પ્રલોભનોથી વિંટળાતા ને મહાજાળે વિષુટતા ડુબાડવા માગતા જીવોને મ્હાત કરીને તરી નિકળતા અનેક પ્રયાસે લલચાવતા સ્વાર્થોને ભસ્મ કરીને લોક હિતાર્થેજ જીવતા, પાગલ મનાય એટલી ઉદ્દામતાથી આદર્શ પૂજન કરતા માનવીઓ વિતરાગ બને હજ્જારોને લાખ્ખોના માર્ગદ્રષ્ટા બને, દુઃખી હૃદયોને સનાતન સત્યો વિચારતાં કરી મૂકે એવા મહાપુરૂષોનાં જીવન આપણાં શા સારૂ પ્રેરક ન બને જો એમાંથી પરિકથાનાં આશ્ચર્યો કોઈ ગાળીને જગત સમક્ષ મૂકે તો,

કોઇ સમતોલ વિવેક દ્રષ્ટા આર્તિહાસિક સત્યોને આધારે આપણા મહાનાયકોનાં જીવન ચરિત્ર આપણને આપશે ? મુડીદાર મંદિરોના સંચાલકો જૈન ધર્મના ભાવિ ટકાવને સારૂં ભગવાનની મુડી વાપરવાનું યોગ્ય માનશે. સાહિત્ય પ્રચારની જૈન સંસ્થાઓ આમાં જૈન જનતાની સેવા સમજશે.

પ્રભુ મહાવીરના જન્મદિને આજની અગત્ય તરફ અંગુલી નિર્દેષી લઉં છું.

ઓ સિદ્ધારથ કુળકિરિટ,

આપે સ્થાપેલા શાસનની–સંઘની વર્તમાન સ્થિતિ ભયંકર છે. આપે આપેલા બોધપાઠ કરતાં આજે જુદોજ દશ્યો નજરે પડે છે.

આપ સાત વર્ષની બાળ ઉમ્મરમાં ઝાડ પર પડેલા ભયંકર ઝેરી સર્પને દોરડીની પેઠે ઉચકી લઇ દુર કર્યો. એ આપની નિર્ભયતા ને વીરતામાંથી નિર્ભયતાનો બોધ પાઠ મળે છે, છતાં આજે તે ભૂલાયો છે. આજના બાળકો માયકાંગલાં, બીલાડીના ડોળેથી ડરતાં ડરપોક છે, છતાં તેને સશક્ત ને નિર્ભય બનાવવાના સાધનો ક્યાંય નજરે પડે છે તો તેને મજબુત કરવાને બદલે તોડી પાડવાનાજ ઉપદેશ અપાય છે. અરે ! તેને મદદ કરવામાં પાપના સધી યારા અપાય છે. કેટલી પામરતા ?

ઓ પરમ યોગી,

આપનો પરિવાર પ્રમાદમાં ન પડે, લોકના રાગદ્વેષ છંદે ન ફસાય લોક સમુહના સંસર્ગમાં આવી લપસી ન પડે આથી આપે કડક આચાર માર્ગની ઘટના કરી, પરંતુ આજે તો ધીંગોધીંગ વસ્તીના લત્તામાં આલીશાન ચારપાંચ મજલાના મકાનોમાં વસવાટ થયા છે, શ્રાવક શ્રાવીકાના રોજબરોજ સહેવાસ થાય છે. ભક્ત ભક્તાણીઓના જુથ જમાવી નકામા–અર્થ વગરના ઝઘડા ઉભા કરી અનેક પ્રકારના તુતો ઉભા થાય છે. ને એ તુતોને નિભાવવા દુકાનદારોની પેઠે પૈસા કઢાવી છાપાંઓ ચલાવાય છે, પુરૂષાર્થ જવલ્લેજ દેખાય છે, છતાં જે શાસ્ત્રો આપે પ્રરૂપેલા ને પુર્વાચાર્યોએ ગુંથેલા તે શાસ્ત્રોના મનમાનતા અર્થ કરી લોકોને ભરમાવવામાં આવે છે. કેટલી નિર્લજતા ?

ઓ ! દેવાધિદેવ !

દીક્ષાના સમયથી લઇ મહાજ્ઞાન પ્રાપ્તિના સમય સુધી બાર બાર વર્ષ આપે મૌન સેવ્યું. એ મહાબોધ પાઠ આવેશને રોકવાનો ગણાય, ત્યારે આજે તો અઢીયું ઉકુ ભણેલા, ભાષાને જ્ઞાનમાં મીંડા જેવા, બેચાર દુહા, લાવણીઓ. ને છપ્પા કંઠસ્થ કરી ધર્મપાનના બહાના નીચે ઉપદેશ દેવા શ્રોતાઓને રીઝવવા ત્રણ હાથ ઉંચે ગાદીયે ચડી લલકારે રાખવામાં આવે ત્યાં બીજા ઉપર શું અસર થવાની હતી ?

પોતે જેને પરમ સુખનો માર્ગ માન્યો છે, તેને વર્તણુંકમાં ઉતાર્યા વિના–અનુભવ લીધા વિના ઘરમાં ભરાઇને આવેશમાં જેમ આવે તેમ હાંકયે રાખવામાં લોકામાં ધર્મશ્રદ્ધા વધે કે ઘટે ?

ઓ ! ક્ષમાના સાગર,

ભાવી અનુગામી દીક્ષીત વર્ગ આહાર વિહારમાં શિથિલાચારી ન બને ને આપના દ્રષ્ટાન્ત ને અનુસરે, તેથી આપ વિહારમાં પરિચિતોથી દુર રહેવા અજાણ્યા પ્રદેશોમાં એટલે મલેચ્છો–અનાર્યોની ભુમિમાં વિહાર પણ કરેલા, તેમ વિહારમાં કોઇ જંગલ, કોઇ મંદિર કોઇ શમશાન, કોઇ ખંડેર, કે કોઇ ભયાનક જગ્યામાં સ્થિરતા કરતા, ત્યાં માંકડ કરડે, ભમરા કરડે, ગમે તેવી સતામણી થાય તેવાં સ્થાનોમાંજ નિવાસ કરતા ને એ ૧૨ વર્ષ ૬ માસ ને ૧૫ દિવસમાં આહારમાં ફક્ત ૧૧ માસ ને ૧૯ દિવસ આહાર કર્યો, તે પણ જેવો તેવો, લુખો સુકો મળે તેવો નિર્દોષ–નિમિત્ત વગરનો આહારજ લેતા, આ આપનો ત્યાગ, સંયમ, તપ ને સહનશીલતા વાંચીને મોઢાથી ચડી મહોટા હોંકારા પાડવામાંજ આજનો માનવી મહત્તા સમજે છે. નહિ તો જ્યાં જૈનોની લાખોની વસ્તી હતી ત્યાં આજે જૈનોનું નામ નિશાન નથી, અનેક જૈનો અન્યધર્મમાં ભળી રહ્યા છે–ભળી ગયાં છે, કરોડોમાંથી લાખોની સંખ્યામાં સમાજ આવીને ઉભી છે, છતાં આજે ગુજરાત છોડવું ગમતું નથી. આલીશાન મકાનો કીંમતી પાત્રણીઓ, મુલાયમ કપડા ને પુસ્તક પેટી પટારાનો મોહ ઘટતો નથી.

આહારમાં ક્યાં આપનો આદર્શ ને ક્યાં આજના પામર માનવીઓની પામરતા ! આજે તો દિવસના ચાર ચાર ટંક મોઢા સામે હાથ કરવા જોઇએ છે. સાથે રસોડા રખાય છે, સંયમને બાધક માલમલીદા આરોગાય છે, શ્રીમંત ભક્તોની ખુશામત થાય છે, એદીની પેઠે બપોરના લાંબી ખેંચાય છે, પ્રમાદે સામરાજ્ય જમાવ્યું છે. મહોટાઇને માટે સંતાકુકડીની રમતો રમાય છે, છતાં આપના આદેશને અનુસરી ચાલવાના દેખાવ થાય છે, કેટલી ધૃષ્ટતા ?

ઓ મહાસાધુ. ?

દીક્ષાના પ્રસંગે સમાજને બોધપાઠ આપવા આપે માતા પીતાની હૈયાતીમાં દીક્ષા ન લેવાનો નિર્ણય કર્યો, માતાપીતાના અવસાનથી દુ:ખી થયેલ વડીલ બંધુ નંદીવર્ધનની પ્રાર્થનાને માન આપી બે વર્ષ વધારે ગ્રહસ્થાશ્રમમાં વિતાવ્યાં, આ આપનો બોધપાઠ આજે વિસરાયો છે, આજે તો ચેલાચેલણીઓની જમાત વધારવા લાયકાતનું ધોરણ ઉંચે મુકવામાં આવ્યું છે, ભક્તો દ્વારા પૈસાથી ખરીદીને નસાડી ભગાડીને અને છળ પ્રપંચો દ્વારા જે આવ્યો તેને મુંડી નાખવાનીજ હરિફાઇ ચાલી છે. લીધેલ પ્રતિજ્ઞાઓનો ભંગ થાય છે. છતાં ચોરી ઉપર શીર જોરીની માફક પોઠા ભરાવો થાય છે. લોકને ડારવામાં આવે છે સાધુતાનાં લીલામ થઇ રહ્યાં છે.

ઓ જગત ઉધ્ધારક.

આપે આપેલ બોધપાઠ બાજુએ મુકી સ્વચ્છંદપણું, વરતાય છે. ત્યારે શીખામણના બે બોલ કહેનારને વહેવારકુશળો આત્માની અગાધ શક્તિને ભુલી જઇ કળીયુગની વાતો કરી લોકને પટાવી લેછે ત્યારે ઝનુનીઓ જેમ આવે તેમ વદતાં મૂર્ખ, અજ્ઞાન દુર્ભવ્ય નાસ્તિક હાડકાનોમાળો અધર્મિ દુષ્ટ વિગેરે અનેક ગાળોથી પોતાના ભક્તોને ઉશ્કેરે છે એના પરિણામે આપના શાસનમાં કુસંપના દાવાનળ ચંપા કરે છે. શાસન છીન્ન ભીન્ન થઇ રહ્યું છે.

ઓ નાથ ?

આપના શાસનની આજે આ દશા છે છતાં કોઇ તારલાઓ ચમકે છે. ચમકી રહ્યા છે. એટલે સારા ભાવીની આશામાં ઘણું લખવાનું બાકી રાખી હાલતો આ વિજ્ઞપ્તિ પુરી કરૂં છું.

## સુચના.

તા. ૧૫–૪–૩૭ અને તા. ૧–૫–૩૭ ના અઢાર અને ઓગણીસમાં બંને અંકો સાથે કાઢી મહાવીર અંક તરીકે બહાર પાડેલ છે. આવતા વીશ અને એકવીસમાં અંકો એકી અંક તરીકે તા. ૧–૬–૩૭ ના દિને બહાર પડશે.

# અર્હત્ શ્રી મહાવીર.

(લેખકઃ—મોહનલાલ દલીચંદ દેશાઇ. B. A. L. L. B. Advocate. મુંબઈ)

જગદ્ વંદ્ય સુધારક ને મહા
અમ સમાજ–ઉધ્ધારક તું અહા !
વીર પ્રભુ ! તુજ વાણી અને કૃતિ
બની રહો અમ જીવન–પ્રકૃતિ.

અર્હત્ શ્રી મહાવીર મહાન્ સુધારક અને સમાજ–ઉધ્ધારક હતાં અને તેથી તે જગદ્વંદ્ય થયા છે. 'અર્હત્' એ પદ આપણને માત્ર જૈન તેમજ બૌદ્ધ દર્શનમાં જોવામાં આવે છે. તેનો સામાન્ય અર્થ તો ભાષાદ્રષ્ટિએ 'લાયક, યોગ્ય' (deserving) થાય છે. શેને યોગ્ય ? તો કહે છે કે:–(આવસ્યકસૂત્ર)

'અરિહંતિ વંદણ નમંસણાણિ અરિહંતિ પૂયસક્કાર'
સિદ્ધિગમણં ચ અરિહા, અરિહંતા તેણ વુચ્ચંતિ'

આપણા વંદન નમસ્કારને, પૂજા સત્કારને યોગ્ય છે, સિદ્ધિ ગમનને માટે લાયક છે તેથી અર્હત્ એ નામ અપાયેલ છે.

આપણા પૂજાદિસત્કાર માટે તે શામાટે યોગ્ય છે, તેના ઉત્તરમાં જણાવવાનું કે તેમણે લોકહિતને માટે તેમનામાં રહેલાં દૂષણો ટાળ્યાં, અજ્ઞાનરૂપી જંગલમાં ભટકનારા લોકોના માર્ગદર્શી–ભોમીયા થયા, ભવસમુદ્રમાં નિર્યામક થયા, રાગ દ્વેષ કષાય પંચ ઇંદ્રિયો અને પરિષહના ઉપસર્ગો ઉપર વિજય મેળવ્યો. (જુઓ વિશેષાવશ્યકમાં.)

'મહાગોપ મહામાહણ કહિયે, નિર્યામક સત્થવાહ
ઉપમા એહવી જેહને છાજે, તે જિનનમિયે ઉત્સાહ'–યશોવિજયજી
'તીર્થપતિ અરિહા નમું, ધર્મધુરંધર ધીરોજી
દેશના અમૃત વરસતા, નિજવીરજવડવીરોજી'–દેવચંદજી.

શ્રી મહાવીર અને શ્રી બુદ્ધ બને એક બીજાના સમકાલીન હતા. બને કાર્યદક્ષ–વ્યવહારૂ સુધારક હતા. ધર્મમાં જ નહિ. પરંતુ સમાજ અને રાજકારણમાં પણ તેમણે સુધારક તરીકે કાર્ય કર્યું છે જો કે બનેના સિદ્ધાંતોમાં પ્રાધાન્યપણે એક સરખાપણું જોવામાં આવે છે અને વૈદિક પ્રથાઓથી બધ્ધ થયેલ સમાજમાં થતી હિંસા યજ્ઞયાગાદિની બહુલતા, સ્ત્રી શૂદ્રો પ્રત્યે અવગણના, કર્મકાંડીપણું, બ્રાહ્મણોની સર્વોપરિતા, લુબ્ધલોલુપતા આદિ અનેક કુપ્રથાઓ સામે આક્રમણ કરવામાં બનેએ ભારે પ્રયત્ન કરેલો જણાય છે તોપણ બનેના કેટલાક દાર્શનિક સિદ્ધાંતોમાં ભેદ હતો; અને વૈદિક આદિના મતથી પોતે જુદો મત ધરાવતા હતા, છતાં બને એક બીજા પ્રત્યે યા અન્ય દર્શનો પ્રત્યે અસહિષ્ણુ ન હતા.

આજકાલ સુધારક સંબંધી એવો ખ્યાલ છે કે કાર્યક્રમ ઘડી તેને અમલમાં મુકવા એક સંસ્થા સ્થાપવી, તેને માટે ફંડ ભેગું કરવું, ચોપાનીઆં આદિ છપાવવા, વ્યાખ્યાન આપવાં અને પ્રચાર કાર્ય કરવા અનેક કાર્યકરોને નીમવા, એનું નામ સુધારક. પણ તેવા સુધારક તેઓ નહતા. તેવા સુધારક તે ગૌણ સુધારક છે. તેઓ તો પ્રધાન સુધારક હતા. અને તે એ રીતે કે સામાજીક રોગોનું યથાસ્થિત નિદાન કરીને તેનો સાચો ને સચોટ ઉપાય બતાવી લોકને ઉન્નત બનાવતા. પ્રધાન સુધારક તે વૈદ્ય છે, જ્યારે ગૌણ સુધારક તે વૈદ્યના કહેવા પ્રમાણે દવા આપનાર 'કમ્પાઉન્ડર' છે. વૈદ્ય તરીકે કરેલાં પરિવર્તનો–ક્રાંતિઓ ગણાવતાં અને ઉતરતાં થતો વિસ્તાર આ લેખની મર્યાદા સાંખે તેમ નથી, પણ તેમના સમયની સ્થિતિ જોતાં અને તેમની ઉપદેશની ધારા તથા તેમનું ચરિત્ર વિચારતાં આપણને સ્પષ્ટ ખ્યાલ આવી શકે છે. તેમણે સંસ્થા નહોતી સ્થાપી એમ નથી. તેઓ જબરા વ્યવસ્થાપક–સંસ્થાપક હતા અને તે રીતે ચતુર્વિધ સંઘની સ્થાપના કરી હતી. ઉપદેશની ભાષા તે લોકભાષા જ રાખી. સ્વાર્થવૃત્તિ દૂર રખાવી આત્માર્થ પ્રત્યે લોકોને દોર્યા અને તે દોરવણી તેમને નિર્વાણ પામ્યે ૨૪૬૨ વર્ષ થયાં છતાં હજુ સુધી ચાલુ છે, તેમનું યોગબળ અવિચલ છે.

બૌદ્ધ ધર્મમાં પણ 'અર્હત્' કેવી રીતે રહે છે તે સંબંધી જે કહેલું છે તે જાણવા જેવું છે:–

"સુસુખં વત જીવામ વેરિનેસુ અવેરિનો
વેરિનેસુ મનુસ્સેસુ વિહરામ અવેરિનો ૧
સુસુખં વત જીવામ આતુરેસુ અનાતુરા
આતુરેસુ મનુસ્સેસુ વિહરામ અનાતુરા ૨
સુસુખં વત જીવામ ઉસ્સુકેસુ અનુસ્સુકા
ઉસ્સુકેસુ મનુસ્સેસુ વિહરામ અનુસ્સુકા ૩
સુસુખં વત જીવામ યેસં નો નત્થિ કિંચન
પીતિભક્ખા ભવિસ્સામ દેવા આભસ્સરા યથા ૪

—અમે ખરેખર સુખેથી–સુખપૂર્ણ જીવીએ છીએ– વૈરી પ્રત્યે અવૈરી રહીને–વૈરી મનુષ્યોમાં અવૈરી વિહરીએ છીએ. ૧

અમે ખરેખર સારા સુખમાં જીવીએ છીએ. આતુરો પ્રત્યે અનાતુર રહીને– આતુર મનુષ્યોમાં અનાતુર વિહરીએ છીએ. ૨

અમે ખરેખર સારા સુખવડે જીવીએ છીએ–ઉત્સુકોપ્રત્યે અનુત્સુક રહીને ઉત્સુક મનુષ્યોમાં અનુત્સુક વિહરીએ છીએ. ૩

અમે નિશ્ચયે સુંદર સુખપૂર્વક જીવીએ છીએ– કંઇપણ અમારૂં નથી એમ જાણીને– પ્રીતિ એ જેનું ભક્ષ્ય છે એવા અમે થઇશું– કે જેવા પ્રકાશવન્તા દેવો છે. ૪

શ્રી મહાવીર ભગવાન્ લોકમાં ઉત્તમ–લોકોત્તમ (Super man) હતા તેમણે લોકોને આત્માર્થી બનાવી. તાર્યા છે. તેમણે આપણા માટે–ભવિષ્યની પ્રજામાટે અટલ સિદ્ધાંતો વારસામાં આપ્યા છે કે જેનું અનુસરણ આપણી શિથિલતા અને ધર્મમા આવેલી વિકૃતિઓને ટાળી કરવામાં આવે તો આત્માનો ઉધ્ધાર થાય.

'અર્હત્'નું સ્વરૂપ એવું છે કે નંદીસૂત્રમાં કહ્યું:–

જો જાણઇ અરહંતે, દવ્વત્ત ગુણત્ત પજ્જવત્તેહિં
સો જાણઇ અપ્પાણં મોહો ખલુ જાઇ તસ્સ લયં ?
અર્થાત્–જે દ્રવ્યપણાથી ગુણપણાથી અને પર્યાયપણાથી અર્હતને–તેના સ્વરૂપને જાણે છે, તે આત્માને જાણે છે. અને તેના મોહનો નિશ્ચે નાશ થાય છે.

માટે આપણે દરેક આપણા અને આપણા સમાજના ઉદ્ધારાર્થે હૃદયમાં નિશ્ચયપણે ધારીએ કે:–

અરિહંતા લોગુત્તમા અરિહંતે સરણં પવજ્જામિ (આવશ્યક સૂત્ર ૪ થું અધ્યાય.)

અર્હતો લોકોત્તમ છે. અર્હત્‌ના શરણ પ્રત્યે વિશેષપણે ગમન કરૂં છું.

# જૈન ધર્મ અને નિવૃત્તિમાર્ગ

વ્યાખ્યાતા : પંડિત દરબારીલાલજી

એકદા એક માતાએ એના આળસુ પુત્રને કહ્યું: 'બેટા ! આમ આળસમાં જીંદગી કેમ જશે ? આમ આપણો ગુજારો શી રીતે થશે ? પૈસા પેદા કરવા બજારમાં જતો જા. દુકાને દુકાને ફર. ખૂબ મહેનત કર.'

પુત્ર માતૃભક્ત ને આજ્ઞાકારી હતો. આજ્ઞાનુસાર બજારમાં જવા માંડયો. દુકાને દુકાને ફરી જુતનાં તળીયાં ઘસી નાખ્યાં છતાં એને કંઇ મળ્યું નહિ એટલે પરિશ્રમ અધુરો માનીને એક જગ્યાએ દંડ પીલવા માંડયો અને બેઠકો પણ લગાવી દીધી. આ રીતે માતાની આજ્ઞાઓનું એણે અક્ષરશઃ પાલન કર્યું પણ આજ્ઞાંકિત છતાં બુદ્ધિહિન પુત્રને જોઇ માતાએ આંસુ સાર્યાં.

મહાવીર પ્રભુ પુરૂષ હોવાને કારણે પિતા મનાય છે પણ એમનો જન પ્રેમ એટલો હતો કે સેંકડો માતાઓથી પણ વિશેષ એમને માનવા જોઇએ. એમણે એકવાર પોતાના આજ્ઞાંકિત અને ભક્ત અનુયાયીઓને કહ્યું 'પુત્રો ! સંસારની સ્વાર્થ જાળમાં ફસાઇને નથી તમે પોતાનું કાંઇ હિત કરી શકતા અને એથી જગતનું હિત કરવામાં અવરોધ રહે છે તો તમે કંઇક ત્યાગ કરો અને નિવૃત્ત બનો.'

આજ્ઞાકારી કહેવડાવતા ભગવાનના અનુયાયીઓએ પ્રભુની આજ્ઞા માથે ચડાવી અને ખૂબ ત્યાગ કરી નાખ્યો—એટલો બધો કે પ્રેમ, સેવા, કર્તવ્ય આદિ પણ છોડી દીધાં. ત્યાગ શા અર્થે છે એ એમણે વિચાર્યું નહિ. નિવૃત્તિ કંઇ ધર્મ નથી, પરંતુ એ કોઇ પ્રવૃત્તિની પૂરોગામી છે. નિવૃત્તિ તો માત્ર સ્વાર્થની કરવાની અને એટલા માટે કે જગત હિતાર્થે પ્રચંડ પ્રવૃત્તિ આદરી શકાય. પ્રવૃત્તિહિન નિવૃત્તિ માનવીને પત્થર શો' જડ બનાવે છે.

પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્ને એકજ સિક્કાની બે બાજુ છે. સિક્કાની બન્ને બાજુઓ જળવાઇ રહેવી જોઇએ. એક બાજુથી ઘસાઇ ગએલો સિક્કો ચાલતો નથી. આ રીતે દરેક ધર્મમાં આ બન્ને બાજુઓ છેજ. ધર્મના ઉદ્દેશને પરિપૂર્ણ કરવા બન્ને અંશો હોવા જરૂરી છે. ધર્મ છે સુખાનંદ સારૂ. "મોજ" શબ્દ સારો નથી લાગતો માટે "કલ્યાણ" વાપરીએ છીએ. પણ શબ્દ ગમે તે હો, ધર્મ છે તો સુખને સારૂજ, નહિ તો એને આટલી અગત્ય આપણે શા સારૂ આપત ?

સુખ મેળવવા આપણે બે કામ કરવાં રહ્યાં. દુઃખ દે એવાં સાધનો હટાવી સુખના સાધનો વધારવા એ પહેલું કાર્ય. કેવળ ભૌતિકજ નહિ પણ દયા, પ્રેમ, પરોપકાર પણ સુખનાં સાધન છે. એને માટે આપણી પ્રવૃત્તિ કરવાની. છતાં બધાં દુઃખો દુર થશે નહિ. નહાના મ્હોટાં કંઇક તો રહીજ જશે. એને સારૂ આપણે સહિષ્ણુતા કેળવવી રહેશે. દુઃખોથી નિર્લેપ બનતાં શિખવું પડશે.

રસ્તા પર ચાલવા આપણે બે કાર્ય કરીએ છીએ. પહેલું કાર્ય સડક બનાવવાનું જેથી એમાં કાંટા કાંકરા ન રહે અને ચાલવું સુગમ પડે. છતાં પૃથ્વિપર તમામ માર્ગે આપણે સડક બનાવી નથી શકતા અને બનાવેલી સડકો પર પણ કાંટા કાંકરા તો રહેજ છે એટલે આપણે બુટ પહેરી લઇએ છીએ. આ રીતે કેટલાક જગત સુધારે છે કેટલાક પોતાની જાતને સુધારે છે. ત્યારે જ આપણે સુખમાર્ગ પર ચાલી શકીએ છીએ. પહેલામાં પ્રવૃત્તિથી કંઇક વિશેષ રહ્યું છે. બીજામાં નિવૃત્તિથી કંઇક વિશેષ છે. આમ ધાર્મિક પ્રવૃત્તિ નિવૃત્તિ ભરી છે. એકલી નિવૃત્તિ નમાલી છે. એકલી પ્રવૃત્તિ નિરર્થક છે. એકલી નિવૃત્તિ જડતા છે, એકલી પ્રવૃત્તિ ચપલતાનીપત છે.

કેવળ નિવૃત્તિને ધર્મની કસોટી માનીને ઘણા જૈનો આપણા ધર્મને નિવૃત્યાત્મક કહે છે. આ કસોટી પ્રમાણે તો જે જેટલો કર્તવ્યહિન એ એમની દ્રષ્ટિએ એટલો મોટો સાધુ મનાય ! ઉપવાસ આદરીને આળસુ પડ્યો રહેનાર મોટો સાધુ ! દુનિયાથી જે દુર નાસે તે પરમ સાધુ ! એ પ્રકારના આ સાધુઓનાં કાર્યથી જગતને શો લાભ થાય છે કે કોનું કેટલું સુખ વધે છે એ કોઇ વિચારતા નથી. જૈનોની તો નહિજ પણ કોઇપણ ધર્મની સાધુતાની આ વ્યાખ્યા નથી. સીધી, સરળ ને નિર્દોષ વ્યાખ્યા સાધુતાની એ છે કે જે ઓછામાં ઓછું લઇને વધારેમાં વધારે આપે તેજ સાધુ છે. પછી તે રાજા શેઠ કે ભિખારી, પુરૂષ કે સ્ત્રી, ગ્રહસ્થ કે ત્યાગી, આચારનો ચોક્કસ નિયમપાલક કે નહિ પાળનાર, નાગો હો કે ઓઘો રાખતો હો, મુહપત્તી રાખતો હો કે ખમીસ કોટ પહેરતો હો—ગમે તે હો પણ જે દુનિયાને વધારેમાં વધારે આપીને દુનિયા પાસેથી ઓછામાં ઓછું લેતો હોય તે સાધુ છે.

જૈન શાસ્ત્રમાં મહારાજ ભરત, કુર્માપુત્ર વિગેરેના જે દ્રષ્ટાંતો છે તે કલ્પિત ભલે હોય પણ એને અપવાદ માનીને એની ઉપેક્ષા કરવા માટે તો નથી જ. કમ્પાસની સોય પર પ્રભાવ પાડીને માર્ગ નિર્દેશક ધ્રુવ તારા જેવા એ આપણે માટે છે. આપણી સંસારી સમુદ્રયાત્રાના માર્ગે એ દિવાદાંડી જેવા છે. એની ઉપેક્ષા કરીશું તો આપણે પોતાને ડુબાવીશું.

જૈન ધર્મની નિવૃત્તિ ને સાધુતા એ આપણને સમજાવે છે. જ્યારે ઘરમાં રહીને, ગૃહસ્થ વેશમાં પણ કોઇ કેવળી બની શકે અને કેવળી—અર્હંત—બનીને પણ પોતાનાં માબાપની સેવા કરી શકે તો સાધુઓએ ગરીબોની—ગ્રહસ્થોની સેવા ન કરવી જોઇએ ? જે કાર્યોથી કુર્માપુત્રનું કૈવલ્ય કલંકિત નહોતું થયું તે કાર્યો કરવામાં આજકાલના સાધુઓનું મહાવ્રત શી રીતે ખંડીત થઇ જતું હશે ? અને દુનિયાની કંઇપણ સેવા કર્યા વિના દુનિયા પર પોતાનો અસહ્ય ભાર નાખીને મહાવ્રત જળવાતું હશે ?

નિવૃત્ત–માર્ગના નામે આજની સાધુ સંસ્થા સમાજના ઉપર ભાર રૂપ બની છે. લશ્કરના ભારથી આનો ભાર વધારે છે. સેવાના નામે આ લોકોએ એવી વાતો પ્રચારી છે કે જે નકામી છે અને

એમના પોતાનાજ જીવન જોડે એ વાતો મેળ ખાતી નથી. એ સેવા નથી. એ સેવા ભાર રૂપ છે. જે અનાવશ્યક છે તે આપે, જેની જરૂર છે તે ન આપે અને જે રીતે આપવું જોઇએ તે રીતે ન આપે તે સેવા નહિ પણ સેવાનો બોજો છે.

ઉપદેશ આપવાની કે શિખામણ દેવાની લાયકાત હોય કે નહિ છતાં આજના સાધુ એ આપવા મંડી પડે છે. રોગીઓની સેવામાં સાધુતાની ભ્રષ્ટતા થતી એ માને છે. એ ભૂલે છે કે સાધુસંસ્થા નિસ્વાર્થપણે સમાજની સેવા માટે છે. નિયમોના ગુલામ ન બને અને જનહિતના ગુલામ બને તો સાચું નિયમ પાલન આપોઆપ થઈ જશે.

આજે લોકોએ સાધુતાને વેશ સાથે જોડી દીધી છે. એથી સાધુઓને અને સમાજને નુકશાન થયું છે. નિવૃત્તિ અને એકાંતની સાથે સાધુતાનો સંબંધ નથી પણ એમની નિવૃત્તિ જનહિતની પ્રવૃત્તિ સારૂ છે.

મહાવીર સ્વામીએ ઉપજાવેલી સાધુ સંસ્થાના નિયમો અને ચરિત્રો ભણવાથી જૈનો અને બીજાઓને એવો ભ્રમ પેદા થયો છે કે જૈન ધર્મ નિવૃત્તિમાર્ગી છે. પરંતુ આપણે જરા વિચારીએ તો જણાશે કે મહાવીર પ્રભુ પ્રચંડ પ્રવૃત્તિશાળી હતા. એમ ન હોત તો આટલી મોટી સંસ્થા એ ન નિપજાવી શકત. લોકસંગ્રહ કરવો અને દેડકાં તોળવાં એ લગભગ સરખું છે. ત્રાજવા પર એક દેડકું મૂકો, બીજું લેવા જાઓ કે પહેલું ઉછળી પડે. લોકસંગ્રહમાં પણ આમજ છે. છતાં મહાત્મા મહાવીર લાખ્ખો અનુયાયી મેળવી શક્યા તે મહાન કાર્ય શું ગુફામાં બેસી આંખો બંધ કરવાથી થયું હતું ? એને માટે શું એમણે જોજનોની ધુળ ન્હોતી ખુંદી ? કંઇ કંઇ પગોની ઠોકરો ન્હોતી ખાધી ? દિવસ ને રાત ચિંતા ન્હોતી સેવી ? ત્રીસમા વર્ષે ઘરમાંથી નિકળી મહાવીર બાર વર્ષ દેશ વિદેશ ફર્યા હતા. તે શું આપ એમ સમજો છો કે એમના મનમાં વિચારોના તોફાન નહિ જાગ્યાં હોય ને એમનું મન ખાલી હતુ ? જો એમનું મન સાવ ખાલી હોતને તો એમાં શૈતાન ઘુસ્યો હોત. ખાલી મન શૈતાનનું ઘર હોય છે. હકિકત એ છે કે એ બારે વર્ષ એમના મનમાં વિચારનાં યુધ્ધ જાગ્યા હતાં, સમાજનાં દર્દ જોવામાં એમની આંખો વ્યગ્ર રહેતી, અને દર્દનું ઔષધ જડ્યું કે એના પ્રયોગ માટે દિવસ રાત મથી રહ્યા. ત્રીશ વર્ષ એ એમ મથ્યા. આજે તો આપ સૌ એમની મુર્તિને સોના ચાંદીથી પૂજો છો, સિંહાસને બેસાડો છો પણ એમના જીવન દરમ્યાન તો એમને એક એક રોટલી પણ મુશ્કેલીથી મળી છે. સુવાને સાધારણ હાથ જમીન પણ સુલભ ન્હોતી. એક એકથી ચઢીયાતા વિરોધીઓનો અને નિન્દકોનો એમને સામનો કરવાનો હતો. અનુયાયીઓ બનનારા પણ ઓછા સતાવતા ન્હોતા. પણ સર્વ સંકટો પર એમણે વિજય મેળવ્યો અને ધર્મ ફેલાવ્યો, શું આ નિવૃત્તિ છે ? ધન વૈભવ એમણે છોડયો ખરો પણ એમની એ નિવૃત્તિ મહાન પ્રવૃત્તિ માટે હતી. એમની નિવૃત્તિ જડતા ન્હોતી.

ધર્મના તિર્થંકરોના ચારિત્ર પરથી ધર્મ સમજી શકાતો હોય તો તિર્થંકર મહાવીરના ચરિત્ર પરથી આપ સમજી શકશો કે જૈન ધર્મની નિવૃત્તિનો શો અર્થ છે !

આજે તો નિવૃત્તિના નામે કર્તવ્યહીનતા, જડતા, આળસ અને પ્રશ્નોમાં મૌન જોવાય છે. તિર્થંકર મહાવીરના બાહ્યતપો અને એ વેળાની સાધુ સંસ્થાના નિયમોનું અંધ અને વિકૃત અનુકરણ થઈ રહ્યું છે. એ વેળાની સાધુ સંસ્થાના ખરા નિયમો શા ને શામાટે હતા. તેનો કે આજની સાધુ સંસ્થા કેવી હોવી જોઇએ તેનો આપણે વિચારજ નથી કરતા.

તિર્થંકર મહાવીરે નીરર્થક કષ્ટ રહેવા માટે કે માત્ર ધર્મજ છે માટે બાહ્ય તપસ્યાઓ ન્હોતી કરી. એ તપસ્યાઓ ધર્મની સાધક હતી. આથી જ જૈન ધર્મમાં તપના બે પ્રકાર કહ્યા છે—અંતરંગ તપ અને બહિરંગ તપ. બ્હારના કરતાં અંતરનું તપ મહાન છે. એ સત્ય કોઇ જૈનને સમજાવવાનું રહેતું નથી. બાહ્યતપ સાધન છે, આંતરતપ સાધ્ય છે, બાહ્ય તપ શરિર છે તો આંતરતપ પ્રાણ છે. ઉપવાસ, કાયાદમન એ સર્વ બાહ્યતપ છે, ધર્મના શારિરીક અવયવો છે પણ પ્રાણ નથી. તપના પ્રાણ છે—પ્રાયશ્ચિત, વિનય, સેવા અને સ્વાધ્યાય. પરંતુ આજે આપણામાં તો શું સાધુતાના ઇજારદારોમાં પણ પ્રાયશ્ચિતાતુર ઇજાણુવિના ભૂલ સ્વીકારનારા ને સુધારનારા કેટલા છે ? અને એવા સાચા તપસ્વિઓનું આદર કરનારા આપના-માંથી કેટલા છે ? કેવળ બાહ્યતપથી નહિ પણ આંતરતપથી મહાવીર સ્વામીનું અનુકરણ કરવું જરૂરી છે. નહિતો પ્રાણહિન શરિરની જેમ આંતરતપવિહિન બાહ્ય તપ કેવળ બાળી નાખવાનીજ વસ્તુ બની રહેશે.

બાહ્યતપ તો કેવળ એક જાતની કસરત છે અને એથી બલિષ્ઠ બનીને તમે ખૂબ સેવા કરી શકો એ માટે છે. દિવસ ભર નિષ્કર્મ રહી આળસમાં પડી રહેવા માટે અને પારણાને દિવસે પાલખીમાં સવાર થવા સારૂ ઉપવાસ નથી પણ જનસેવા કરતાં તમારે ભૂખે રહેવું પડે તો એ ભૂખે રહેવાની શક્તિ ઉપવાસથી વધે તે સારૂ છે.

લોક સેવકોને ઘણીવાર જનતાના કે શાસકોના ક્રોધના ભોગ બનવું પડે છે. એવા પ્રસંગે ભૂખ્યા તરસ્યાં રહેવું પડે છે, ઠંડી કે ગરમીનાં કષ્ટ સહેવાં પડે છે, અને કંઇ કંઇ જાતનાં દુઃખોનો સામનો કરવો પડે છે. આ દુઃખો છતાં જે ટકી રહે છે તેજ સમાજની સેવા કરી શકે છે. આ પ્રમાણે અણનમ ટકવા માટે શરિરમાં સહિષ્ણુતા આવે તે સારૂ બાહ્યતપ છે. પરંતુ ન્હાનકડી વાતમાંય જે શેઠીઆઓ કે અધિકારીઓને યાચના કરતાં હોય છે, રૂઢીમાં ફસ્યા હોય છે, અને સૌની હામાં હા મિલાવતા હોય છે તે સમાજના ગુલામ છે. એમનું બાહ્યતપ કેવળ મુર્દા જેવું હોઇ માત્ર બાળી નાખવાની ચીજ છે. એવા તપનું મુલ્ય નથી, જે મુર્દા જેવું તપ મુર્દાની માફક સડીને હવા બગાડે તે નકામું છે.

આ સમજીને તિર્થંકર મહાવીરની નિવૃત્તિનું ખરૂ રૂપ આપ જોઇ શકશો કે એમની નિવૃત્તિ મહાન પ્રવૃત્તિરૂપ હતી. એમની સાધુ સંસ્થાના નિયમો નિવૃત્તિરૂપ જણાય છે પણ એ બરાબર નથી. સાધુ સંસ્થાના સંરક્ષણ માટે એ નિયમો ઘડાયા હતા. ઓછામાં ઓછું લઇને વધારેમાં વધારે આપે એ સાધુ. એ અનુસારજ સાધુનાં કર્તવ્ય નિયમબધ્ધ થયા છે. એ ત્યાગી બને છે, કોઇનું નિમંત્રણ સ્વીકારે નહિ, ઘર ઘર ટુકડા ભીખીને પેટ ભરી લે જેથી એના ભોજનનો બોજો સમાજ પર ન પડે ને સમાજને એનો ભાર ન લાગે; એ નાગો રહે છે કે ફાટલ તુટલ કપડાંથી ચલાવી લે છે જેથી કોઇની સામગ્રી લુંટવાની એને રહે નહિ—અને સમાજને એને સારૂ કશી તકલીફ ઉઠાવવી ના રહે. એ પોતાની ચીજ પોતે જ ધુએ છે ને કોઇને કષ્ટ દેવાની એની મરજી નથી. આ નિયમનો

અર્થ એ છે કે એ સમાજ પાસેથી ઓછામાં ઓછું લેવાનો પ્રયાસ કરે.

આજે આ નિયમનની કેવળ નકલ થઇ રહી છે. ત્યાગ એ ઢોંગનો વિષય બન્યો છે. લીલોતરીનો ત્યાગ કરનાર છપ્પન ભોગ ભોગવશે. નિમંત્રણ સ્વિકારીને જે તકલીફ અપાય તેથી કેટલીય વધારે તકલીફો, આર્થિક નુકશાની, અને હાડમારી આજના ત્યાગીઓને ખાતર સમાજને ભોગવવી પડે છે. ઓછામાં ઓછું લેવાનું પણ જાણે વધારેમાં વધારે લેવાના નિયમનમાં પલટાઇ ગયું છે.

આમજ આપવાની વાતમાં જાણે ફેરવાઇ ગયું છે. એ જમાનામાં સાધુઓ જે આપતા તે સમયને અનુકૂળ હતું. એ વખતે સમાજ પાસે ભૂખમરાનો પ્રશ્ન ન હતો. અને કેવળ જ્ઞાનદાનની આવશ્યકતા હતી. એ વેળા આજના જેવાં જ્ઞાન પ્રચારનાં સાધન નહોતા. આજ તો એક જગ્યાએ બોલાય તે પવનવેગે જગત આખુંય સાંભળી-વાંચી શકે છે. છાપા ને પુસ્તકો જ્ઞાનને ઘેર ઘેર ફેલાવે છે. પહેલાં આવા સાધન ન હતા. એટલે સાધુ સંઘે એની શક્તિ જ્ઞાન પ્રચારમાં ખરચવાની યોગ્ય ધારી હતી. એટલે સમાજની પરમ સેવાનું આ કાર્ય સાધુઓએ કર્યું. આજે સમાજની જરૂરીઆત બદલાઇ છે તો સાધુ સંસ્થાએ સેવાકાર્ય કેમ ન બદલવું જોઇએ? તરસ્યાને પાણી પાવું એ સેવા છે તો ભૂખ્યાને ભોજન દેવું એ પણ સેવા છે. જે કરવું ઘટે તે ન કરે અને બીનજરૂરી કાર્ય કરનારા સેવાનો ઘમંડ ભલે કરે પણ એ સેવાથી વંચિત છે.

રોગીઓના સાચા ચીકિત્સકો, રોગીઓનાં આંસુ લુછનારી ધાત્રિઓ કે નર્સોની આજ જરૂર છે તો જૈન સાધુઓ રોગીઓની સેવામાં એમનું જીવન કેમ ન ખર્ચે? જૈન સાધ્વીઓ નર્સ બની સેવા કેમ ન કરે? આવા કાર્યોમાં પડવાથી એમની સાધુતા વિનાશ નહિ પામે ને વધશે-ચમકશે. અને આમ સાધુઓ શિક્ષક પણ શા માટે ન બને? વળી જ્યાં જરૂર હોય ત્યાં સડક પણ સાફ કાં ન કરે?

હા, પૈસા લઇને નહિ, પણ નિસ્વાર્થવૃત્તિથી, દયાથી, પ્રેમથી ને સહાનુભૂતિથી આ કાર્યો એમણે કરવા ઘટે, એજ સાચા સાધુ હશે અને તોજ સાચા સાધુ બનશે.

શરિર રક્ષણાર્થે ઓછામાં ઓછું લેવાની વાત તો મ્હેં કરી. જુના વખતમાં ભિક્ષા એ સૌથી સરળ માર્ગ હતો. પરંતુ સાઠલાખ સાધુઓના બોજાથી આજે ગરીબ ભારતની કમ્મર તૂટે છે. સરકારી બોજ જેટલોજ આ બોજો હવે અસહ્ય બન્યો છે. એથી આળસુ અને બિનજવાબદારી સ્વેચ્છાચારીઓની સંખ્યા વધતી જાય છે. ભિક્ષાવૃત્તિ આજે સમાજ પર ભારરૂપ છે. એથીય ઉપરવટ તો એનાથી જે માનસિક સ્વતંત્રતા સાધુમાં હોવી ઘટે તે નથી મળતી. આજનો સાધુ તો એક મજુરથીય અધિક પરતંત્ર છે. રોટી ટુકડા માટે એ શ્રાવકોનાં મ્હોં તાકે છે, શ્રાવકોની હામાં હા કરે છે. આવા ગુલામ સાધુઓ કરતાં તો એ સાધુ અતિ ઉત્તમ છે જે જીવન-નિર્વાહને માટે મજુરી કરી બેચાર આના પેદા કરી બાકીનો સમય સેવામાં ખર્ચે છે અને પોતાના વિચારોની-પોતાના આત્માની-હત્યા કરતો નથી.

ભીક્ષા અને સાધુત્વને કોઇ અતુટ સંબંધ નથી. સાધુ જો જીવન નિર્વાહ સારૂ ખેતી કરે, મજુરી કરે તો એના સાધુત્વને કે મહાવ્રતને કંઇ હાની થતી નથી. ઉલટું સાધુતા ને મહાવ્રત એનાથી ઓપશે. માત્ર એનો ખ્યાલ ઓછામાં ઓછું લેવાનો અને શકય તેટલું વધારે આપવાનો હોવો જોઇએ. બહુજ આસાનીથી પોતાનો બોજો બીજાને માથે નાખનાર કરતાં પગ પર ઉભા રહેનાર ઉત્તમ છે એથી એક પ્રકારે બીજાનું ભલું છે અને પરમાર્થી પ્રવૃત્તિ હોવાના કારણે એ ધર્મનું જ એક અંગ છે.

ફરીવાર હું એ વાતનું સમર્થન કરૂં છું કે સાધુતાની કસોટી નિવૃત્તિ કે પ્રવૃત્તિ નથી પણ નિસ્વાર્થ જનહિત છે. આ કસોટી મુજબ આપ સાધુની-એમની સાધુતાની પૂજા કરો એમ હું ઇચ્છું છું. આ કસોટી આપ ઉપયોગમાં લેશો પછી આપને સાધુતાને ઢુંઢવા ઓઘા, મુહપત્તિ, કમંડલો કે નગ્નવેષનો આશ્રય નહિ લેવો પડે પછી આપને નિષ્ક્રિય નહિ પણ પરમ કર્મયોગી ગુરૂ સાંપડશે. એ વેળા આપને સાચા જૈન સાધુની પ્રાપ્તિ થશે અને 'નમો લોએ સવ્વસાહૂણમ્'નો અર્થ પણ આપને સમજાશે. એ વેળા 'સવ્વ-સાહૂ'માં આપ દેશોધ્ધારને માટે કષ્ટ સહેતા ને ફાંસીએ ચઢતાં દેશ ભકતોનો પણ સમાવેશ થએલો જોઇ શકશો. આપ જોઇ શકશો કે સાધુતા પ્રત્યેક દેશ, જાતિ અને ધર્મમાં છે. વસ્ત્રધારી પણ સાધુ હોઇ શકે છે ને નાગા રહેનાર પણ સાધુ હોઇ શકે છે. વ્યાખ્યાન દેનારામાં અને ખેતી કરનારામાં પણ સાધુતા મળી શકશે. ન્યાય માટે ઝગડનારાઓમાં અને પીડીતોની પગચંપી કરનારાઓમાં પણ સાધુત્વ મળશે. ઉપાશ્રયોમાં, વ્યાખ્યાન દેનારાજ માત્ર સાધુ નથી. સાધુત્વ અતિ વ્યાપક છે. 'નમો લોએ સવ્વ સાહૂણમ્' કહેતી વખતે આવી વ્યાપક સાધુતાનો આપણે ખ્યાલ કરવો જોઇએ.

નિવૃત્તિ-પ્રવૃત્તિહિનનિવૃત્તિ-એ સાધુતાની નિશાની ન બનવી જોઇએ.

પ્રવૃત્તિ-નિવૃત્તિ સમજવામાં સ્યાદ્વાદ બહુ મદદ કરે છે. એક ભાઇએ મહને પૂછ્યું હતું કે પ્રવૃત્તિ સત્ય છે કે નિવૃત્તિ? મ્હેં તો એનેજ પુછ્યું કે ટોપી સત્ય છે કે બુટ? એ તો ચુપ રહ્યા. પછી મ્હેં સમજાવ્યું કે ટોપીને બુટ બન્ને સત્ય છે અને બન્ને અસત્ય પણ છે. માથા પર ટોપી સત્ય છે, પગમાં બુટ સત્ય છે પરંતુ બુટ-માથા પર અને ટોપી પગમાં એ અસત્ય છે, આમ પ્રવૃત્તિ-નિવૃત્તિ તેમના સ્થાને સત્ય છે, અસ્થાને બન્ને અસત્ય છે.

આપણું જીવન પ્રવૃત્તિ-નિવૃત્યાત્મક છે. બેમાંથી એક પણ જતું ન કરાય. એકને છોડશું તો તે વિકૃત બની પેસી જશે. જીંદગાની છે ત્યાં લગી લેવાનું રહેશે તો આપવું શા સારૂ નહિ? ભોળી કે ઉદાર સમાજ હોવાના કારણે કદાચ કોઇને જો અનાયાસે કંઇ મળી જાય તો એનો અર્થ એ નથી કે એ ચુપચાપ હજમ કરી જાય. જો એ સાધુ હોય, પ્રમાનદાર હોય, તો એણે એનો ઘણો બદલો વાળવો રહ્યો, માટે જ પ્રવૃત્તિ અને નિવૃત્તિનો સમન્વય કરવો જોઇએ.

કેવળ નિવૃત્તિને પ્રાધાન્ય દેવામાં અને એના વિચાર ન કરવામાં જડતા પોષવા ઉપરાંત સત્યનો અને સર્વધર્મ સમભાવનો વિદ્રોહ થાય છે. ચોક્કસ ધર્મના સાધુઓ આવા છે, આમ રહે છે, તેમ ખાય છે તે નિવૃત્ત નથી માટે સાધુ નથી, એમનો ધર્મ સાચો નથી, અમારોજ ધર્મ સાચો છે કારણ કે અમારા સાધુ કંઇ કરતાં નથી-કંઇ રાખતા નથી. આવી અહંકારી ને અજ્ઞાનભરી વાતો કરીને સત્યની અવગણના ન કરવી જોઇએ. સ્વાર્થથી નિવૃત્ત બનો, પરંતુ પરમાર્થમાં શકય તેટલા પ્રવૃત્ત બનો. આ માટે ક્રિયા કે વેષને કસોટી ન બનાવો. સ્યાદ્વાદની સહાયથી ધર્મના બન્ને અંગો સમજીને, વિચારીને આપણે જીવનમાં ઉતારીએ.

# જાગ્યાં.

સેન્ડહર્સ્ટ રોડ ઉપર મનુમેનશનમાં જડાવબાને ત્યાં આજે પાપડની ધમાલ હતી મનુ મેનશનની અગાસીમાં એક બાજુ વીસ પચ્ચીસ બ્હેનો પાપડ વણતી. બીજી બાજુ પાપડ સુકવવાની વિધિ ચાલતી. થાળી પર પડેલાં ગુલ્લાં ટપોટપ વણાતાં ને ટપોટપ છાબડીએ પાપડ ચડતા ત્યાં મંજુબ્હેને વાત ઉપાડી. અલી જસી ! હમણાં તારે ઘેર શી ધમાલ ચાલે છે ?

જસી–કપાળની ! સમજીએ તો વાતમાં માલ છે નહિ તો કશુંયે નથી.

ચંપા ફઇ–પણ છે શું ! વાત તો કર.

જસી–તમે જાણો છો. ઘરમાં સાસુ સસરા, દેર, દેરાણી, જેઠ જેઠાણી કે કોઇ નથી વસ્તીમાં અમે બેજ છીએ. છતાં ઘડીની નવરાશ નહિ આખો દિવસ એની એ લમણાકુટ.

કુસુમ–શાની લમણા કુટ !

જસી–એમની ઇચ્છા મુજબ રસોઇ કરવી જોઇએ. એમની ઇચ્છા થાય એટલી વાર ચાહ મુકવી જોઇએ, એમનાં કપડાં બદલવાં જોઇએ. એમનો વ્યાજબી કે ગેરવ્યાજબી પડયો બોલ ઉઠાવવોજ જોઇએ. એમની મરજી મુજબ શણગાર સજીને નાટક સીનેમામાં એમની સાથે જવું જોઇએ. અને એ કહે તેમાં હાજીહા કરવીજ જોઇએ. જો દલીલ કરી તો બાર વાગ્યા, અથવા આપણી મરજી મુજબ કાંઇ કર્યું તો વાત વંઠી.

ત્યાં તો જસીની પાડોશણ હેમકોર વચમાંજ બોલી ઉઠયાં.

આથી કાંઇ કંકાસ થતો નથી પણ કંકાસનું કારણ બીજુંજ હશે.

જસી–ત્યારે સાચુ કારણ તમેજ કહોને.

હેમકોર–હું શું કહું તુંજ કહેને ?

જસી–હું સ્ત્રી થઇને પતિની રજાવિના મારી એક બ્હેનપણી સાથે સીનેમા જોવા ગઇ, મ્હારા ભાઇને વળાવવા ગઇ અને મ્હારી હીંમત એમનાથી જોઇ શકાઇ નહિ, એટલે મને ગડદા, તમાચા ને લાતોને માર માર્યો. આ કંકાસનું કારણ.

હેમકોર–એમ આપણાથી પુછયા ગાછયા વિના જવાય ?

જસી–આપણે એમનાં પાળેલાં ઢોર છીએ, કે આપણને ગુલામ તરીકે ખરીદી લાવ્યા છે, શાથી ન જવાય ?

ત્યાં તો ચંપા ફઇ બોલી ઉઠયા.

બ્હેન તું આમાં શું ફરિયાદ કરે છે. આવું તો ઘણે ઘેર બને છે. બની રહ્યું છે. કાલે રાતેજ મ્હારા પાડોશમાં એક નાટક ભજવાયું'તું.

હીરાબ્હેન–કહો તો ખરાં શાનુ નાટક ભજવાયું હતુ ?

કુસુમ–મ્હારા પાડોશમાં માનકુંવર રહે છે. સાસુસસરા, દહેરાણી જેઠાણી, ને ભર્યું ભાદર્યું ઘર છે. કાલે સાંજે સાસુને કહયા વિના માનકુંવર એના ભાઇને મળવા ગઇ હશી. નવેક વાગે હરિલાલ ઘેર આવ્યો કે માએ કાન ભંભેર્યા એટલે ભાઇ પાગલ બની ઉશ્કેરાયા. ને જેવી માનકુંવર આવી તેવોજ દાદરેથી ધક્કો માર્યો, બિચારી ગબડી પડી ને હાથ ભાંગી ગયો. છતાં કોઇએ હરિલાલને બે અક્ષર કહયા નહિ. ઉલટા સૌ માનકુંવરનો જ વાંક કાઢવા માડયા આથી મ્હારાથી ન રહેવાયું ને મેંહ શીખામણના બે બોલ કીધા ત્યાં તો આડ દશ ભાઇડા તાડુકી ઉઠયા. ત્યાં આપણે શું કરીએ ? આપણે તો દયાની દેવીઓ કહેવાઇએ એટલે સહન કરે જ છુટકો.

હેમકોર–કુસુમાની ખરી વાત છે.

એ કોલેજમાં ભણતી વિમળાથી સહન ન થયું એમાં એને આ જાતની ઘોર અજ્ઞાનતા લાગી એટલે બોલી ઉઠી.

આપણે દયાની દેવીઓ કહેવાઇએ, એટલે પતિ પત્નિના તમામ હકક છીનવી લઇ મરજી આવે તેમ ઢોરની માફક મારે. ગમે તેટલા અપમાન કરે. જુદી જુદી તરકીબોથી ભોગ લે. ઘરમાંથી કહાડી મુકે. કુતરાની પેઠે હાડ હાડ કરે ને માલેકીનો હક્ક કાયમ રાખે અને આપણે ગુલામ અરે ગુલામ કરતાંયે બેયની પેઠે બરદાસ કરે જઇએ એમાંજ દયાની દેવીપણું છે ! કુસુમા ?

કુસુમા. બ્હેન મેંય સાઠ ચોમાસા વિતાવ્યા છે ને અનેક કડવા મીઠા અનુભવ સહ્યા છે. 'પડયું પાનુ નભાવેજ છુટકો' બીજો ઉપાય શો ?

વિમળા–પુરૂષ જાતના જુલ્મો તો તમેય કબુલ કરો છો, પણ પડયું પાનું આગળ કરી નભાવી લેવાની–સહન કરી લેવાની શીખામણ આપો છો. એ આજનો જમાનો માનશે ?

કુસુમા–પુરૂષ જાતમાં બધાય થોડાજ જુલ્મ કરનારા છે ?

વિમળા–બધા નહિ તો મ્હોટો ભાગ તો ખરોજ, જુઓને જ્યારે સમાન હક્કની વાત આવે છે ત્યારે કહેવાતા સુધારકો પણ છડે ચોક વિરોધ કરે છે. અરે કોઇ દોડડાહયા તો જાહેર પેપરોમાં પણ કલમ ચલાવી એમની બુદ્ધિનું પ્રદર્શન ભરે છે. પછી રૂઢીચુસ્તો માટે કહેવુંજ શું ? સત્તા છોડવી કોને ગમે છે ?

સુભદ્રાબ્હેન–આમ પુરૂષ જાતની નિંદા કરે આપણું શું કલ્યાણ થવાનું છે !

જસી–એમના દોર દમામે તો હદ વટાવી છે, ન્યાયને ઉંચો મુકયો છે, સત્તાના શોખે પાગલ બન્યા છે, ત્યારે આપણા પર વરસતા દુઃખોની કહાણીને તમે પુરૂષનિંદા કહો છો ! કહોજ ! આપણા માનસમાં પુરૂષ જાતે સેંકડો વર્ષથી ગુલામીના બી રોપેલા છે. એટલેજ આપણને વકીલાત કરવાનો હોંસ થાય છે.

સુભદ્રા–તારી ભૂલ થાય છે હું પુરૂષ જાતનો બચાવ નથી કરતી. પણ હું તો એમ કહું છું કે એની નિંદા કરવા કરતાં આપણે આપણી પ્રગતિના રસ્તા લઇએ તો વધારે સારૂ.

કુસુમા–બરાબર છે, પ્રગતિના રસ્તા બતાવો.

વિમળા–પ્રગતિના રસ્તામાં પહેલાં તો આપણે પગ પર ઉભાં રહી શકીયે. તે માટે દરેક માબાપે એમની કન્યાને પૂરતી કેળવણી આપવી જોઇએ. જેઓ ઘરસંસાર માંડીને બેઠાં છે તેઓને કેળવવા ફરતા પુસ્તકાલયની ગોઠવણ કરવી જોઇએ. કેળવણી સિવાય આપણી શક્તિનો આપણને ખ્યાલ નહિ આવે, જ્યાં શક્તિનો ખ્યાલ આવ્યો કે કોઇની તાકાત નથી કે આપણા હક્કોની લુંટ કરી શકે.

રૂપાળા—આ કંઇ એક બ્હેનથી થઇ શકશે ?

વિમળા—પોતાની કન્યાઓને કેળવણી આપવી એમાં બીજાની જરૂર નથી. પણ સ્ત્રી માનસ કેળવવા આપણે સ્ત્રીમંડળો સ્થાપવા જોઇએ અને તે દ્વારા ભાષણો, પત્રિકાઓ, પૅમ્ફ્લેટો ને પુસ્તકોથી ખુબ પ્રચાર કરવો જોઇએ. સાથે હુન્નર ઉદ્યોગ ને કળાના વર્ગો કહાડી બ્હેનોને પગભર ઉભાં રહેતાં શીખવવું જોઈએ, જે બ્હેનો ઉપર જુલ્મ વરસે તેના પડખે ઉભા રહેવું જોઇએ. આપણા સમાજમાં લગ્નવિધિમાં પુરૂષ અને સ્ત્રી બન્ને પ્રતિજ્ઞાઓ લે છે, છતાં પુરૂષ તેને કાગળના ચીથરાં ગણી ઇચ્છા પ્રમાણે વર્તાવ કરે છે. દાખલા તરીકે 'શૉક લાવી શકે છે, મારઝુડ કરી શકે છે, ઇચ્છા આવે તેટલીવાર પરણી શકે છે ત્યારે બાર વરસની બાળાના પતિદેવ પરલોક સિધા-વ્યા હોય તો પણ તેને કાયમ રંડાપો પાળવોજ પડે છે. પતિ લંપટ દારૂડીયો હોય, વાતે વાતે મારપીટ કરતો હોય એટલે નીચમાં નીચ હોય તોપણ સ્ત્રીએ આખી જીંદગી તેની સાથે ગાળવીજ પડે. એટલે હાલની લગ્નવિધિ સ્ત્રીઓના હકને છીનવી લેનારી છે, તેથી દરેક બ્હેને પોતાની દીકરીનાં લગ્ન 'સિવિલ મેરેજ એક્ટ' પ્રમાણે કરે તેવો ખુબ પ્રચાર કરવો જોઇએ.

ત્યાં તો વચમાંજ હેમકોર બોલી ઉઠયાં વિમળા ! સિવાલ મેરેજ શું ?

વિમળા—હેમકોર બ્હેન ! સિવાલ મેરેજ નહિ પણ સિવિલ મેરેજ એટલે સરકારે રજીસ્ટર કરેલો લગ્નનો કાયદો. એ કાયદા પ્રમાણે લગ્ન કરવાથી સ્ત્રી અને પુરૂષમાં સમાન હકનું ધોરણ રહે છે. એમાં પુરૂષ શૉક લાવી શકતો નથી, મારપીટ કરી શકતો નથી. સારી વર્તણુંકથી ચાલવું પડે છે, છતાં ખરાબ વર્તણુંક ચલાવે તો કોર્ટમાં જઇ છુટા છેડા લઇ શકાય છે, પરણ્યા અંગે પુરૂષને જેટલો અધિકાર છે તેટ-લોજ સ્ત્રીને રહે છે, તેમ પુરૂષની મીલકતના વારસદાર તરીકેનો પણ સ્ત્રીને હક રહે છે. આ કાયદા પ્રમાણેનું લગ્ન કોર્ટમાં રજીસ્ટર કરાવવું પડે છે. એટલે એના એક એક નિયમ માટે પતિપત્નિ બન્નેને જવાબદાર રહેવું પડે છે. અને કાયદાનું ઉલ્લંઘન થતાં તરત કોર્ટમાં દાદ મેળવી શકાય છે. આથી બન્નેના હક રક્ષાય છે, ને સ્વમાન જળવાય છે. એટલે સ્ત્રી જાતે પોતાના હિત ખાતર 'સિવિલ મેરેજ એક્ટ' પ્રમાણે લગ્ન કરવું તેમાં ડહાપણ છે.

જસી—પાપડ તો પૂરા થવા આવ્યા આપણે વિખરાઇ જઇશું ને યોજનાઓ વાતોમાંજ રહેશે. માટે આપણે એકાદ મંડળ સ્થાપવાનો નિશ્ચય કરીયે તો આ પ્રસંગ ઠીક છે.

રૂપાળા—એમ ઉતાવળે આંબા પાકતા હશે ?

હેમકોર—એવી શી ઉતાવળ છે લોક નિંદા કરશે, ને કહેશે કે આ લોકો 'માથાભેર' આવી ગયા.

જસી—જેને નિંદા કરવાની ટેવ છે તે તો બિચારા બબ્યાજ કરશે. એમાં 'માથાભેર શું આવી જવાનું' છે ? શું આપણે આપણા હિત માટે—ભલા માટે મંડળ સ્થાપીયે એને એ લોકો 'માથભેર' કહેશે ? ભલે કહે !

વિમળા—એમાં કશુંયે 'માથાભેર' નથી બાકી તો જેનું જાય છે તેનેજ બુમ મારવી પડશે. પુરૂષો તમને આપે એ આશા રાખશો નહિ. અને કદાચ મહેરબાનીથી આપે તોપણ નકામું છે આથી સ્ત્રી સમાજને કેળવવા મંડળની પહેલી તકે જરૂર છે એટલે મારી એવી સુચના છે કે મંડળ સ્થાપવા અંગે વિચાર કરવા આવતી કાલે રૂપાળાને ત્યાં સૌ ભેગા થઇએ ને મંડળ સ્થાપવાનો નિર્ણય કરી સભા-સદો માટે બ્હેનોની સહીઓ લેવાની શરૂઆત કરીએ,

સૌને એ સુચના ઠીક લાગી. પાપડ પૂરા થયા અને આવતી કાલે બપોરના ભેગા થવાનું નક્કી કરી સૌ વિખરાયું.

# અંધ શ્રદ્ધા. (અંધ વિશ્વાસ.)

મનુષ્યને ઘણા જુના કાળમાં કે જે કાળમાં કેળવણીનો અભાવ હતો. આખા ગામમાં એકાદ મનુષ્ય સામાન્ય ભણેલો મળી શકતો હતો. તે ગામમાં કેટલીક અલૌકિક વાતોનો પ્રચાર એટલો બધો આલેલો કે જેથી મનુષ્યના હૃદયમાં એવાતોનો વિશ્વાસ એટલો બધો સુદૃઢ થઇ ગયેલો કે એને માટે વિચાર કરવાનો સત્યાસત્યનો વિવેક કરવાનો માણસના મનમાં અવકાશ રહ્યો ન હતો. બુદ્ધિની મંદતાના કારણે એ સમયમાં કેટલીક કાલ્પનીક અલૌકિક વાતો સમજવાનું સામર્થ્ય મનુષ્ય હૃદયમાં ન હોવું એ ચિત્ર વિચિત્ર વાતોની કલ્પનાશક્તિદ્વારા મનુષ્ય સંતોષ માનતો હતો.

એવી ઘણી વાતો સંસ્કારવાળા અને કેળવણીવાળા જમાનામાં મનુષ્યના હૃદયમાં વારસા તરીકે હજુ પણ એ પ્રાચીન સંસ્કારથી રહી ગયેલી છે. બુદ્ધિના વિકાસનો જમાનો હોવા છતાં પ્રાચીનતાની અલૌકિક વાતોના મોહનો વિવેક કરવાનું આલસ્ય હજુ પણ મનુષ્ય બુદ્ધિમાં ઘર ઘાલી બેઠું છે. તેથી ભિરૂતા આદિ અનેક કારણોને લઇને અંધશ્રધ્ધાપણું વિજય પામી રહ્યું છે.

એટલુંજ નહિ પણ એ અંધશ્રદ્ધાને સુરક્ષિત રાખવા બુધ્ધિનો ગેર ઉપયોગ થઇ રહ્યો છે તે ત્યાં સુધી કે જેમ એક રાજા પોતાના પ્રધાનને કહે કે તમે પ્રધાન ખરા પણ તમારે મ્હને કોઇ જાતનો મત આપવો નહિ હું જેમ કહું તેમ તમારે ક્યાં કરવું. આવા રાજા પાસે પ્રધાનનું અસ્તિત્વ જેમ નકામું છે તેમ બુધ્ધિવાન મનુષ્યો અંધશ્રધ્ધાથી પોતાની બુધ્ધિની સ્વતંત્રતાનો નાશ કરે છે. અને વારસામાં ચાલી આવતી વિશ્વાસની વાસનાઓનો ગુલામ બની બેસે છે. તેને લઇને મોટા મોટા શાસ્ત્ર નિર્માતાં અને શાસ્ત્રોના જ્ઞાતા એ અંધ વિશ્વાસની જાળતોડી શકતા નથી એટલુંજ નહિ પણ કેટલાક નિર્બળ મનનાં વિદ્વાનો પણ નત મસ્તકે અલૌકિક ચમત્કારોની વાતો સ્વીકારી રહ્યા છે.

દરેક મનુષ્ય શરૂઆતથીજ તત્વજ્ઞાનનો જ્ઞાતા બની શકતો નથી પરંતુ પ્રેમ દયા સેવા એ જે પ્રેમના અંગો છે, તેને દરેક માણસો સ્વીકારી શકે છે. અને ધીમે ધીમે તે તત્વજ્ઞાતા પણ બની શકે છે. હાલના વિજ્ઞાને ચમત્કાર માત્રને ધૂળ ભેગા કરી દીધા છે. ખરો ચમત્કાર તો એ છે કે જેના પરિણામે કાર્યની સિધ્ધિ થાય. એટલે ઉદ્યોગ એ ઉંચામાં ઉંચો ચમત્કાર છે કે જેથી મનુષ્ય પોતે પોતાનું શાંતિથી ગુજરાન કરી શકે છે. કેટલાક મૂર્ખ શેખરો ઉદ્યોગોને ભૂલી જઇ જોશીઓનાં ઘરનાં પગથીયાં ઘસે છે અને તેઓને પૂછીને શ્રીમંત બનવાની આશા રાખે છે. એ ઉદ્યોગોમાં શ્રદ્ધા નહિ રાખ-નારા જ્યોતિષ પાછળ અંધ બનેલા પોતાની જીંદગી બરબાદ કરે છે. મોટા શહેરોમાં જ્યાં જોઇશું ત્યાં ભવિષ્યવેત્તાઓના પાટીયા લટકે છે, અને સેંકડો માણસોનાં પૈસા ધુતે છે. એજ બતાવી આપે છે. કે આર્યાવર્તવાસીઓમાંથી અંધ વિશ્વાસ અંધશ્રધ્ધા હજુ ગયેલ નથી.

તીર્થંકર મહારાજાઓનાં દર્શન પૂજનમાં પણ એજ મૂર્ખાઇ કરી એછીએ કે પ્રભુ અમોને તારશે. આપણે અપ્રમાણિકપણું સેવીએ, કુડ કપટ કરીએ સંસારના અનેક પાપારંભ કરીએ, પણ પ્રભુનું પૂજન સેવન કરીશું તો પ્રભુ એક દિવસ તારશે એ અંધ શ્રધ્ધા પણ આપણને કર્તવ્યભ્રષ્ટ બનાવે છે. પ્રભુએ જે સન્માર્ગ બતાવ્યો છે. પ્રભુએ જે સન્માર્ગ સ્વીકાર્યો છે તે પથે તમે ચાલો તો તમે તરશો પ્રભુનાં દર્શન પૂજન એતો માત્ર તેમના ઉપકારનું સ્મરણ છે તેમણે બતાવેલ સન્માર્ગ તેજ આપણને તારનાર છે. માટે દરેક કર્તવ્યશીલ બની અંધશ્રદ્ધાને દાટી કાઢવી જોઇએ.

—સમય ધર્મ

# શ્રી. જૈન શ્વે. કોન્ફરન્સ જીવંત સંસ્થા ક્યારે બની શકે ?

## (સુચનાઓની ટુંકી રૂપરેખા.)

—નાનાલાલ દોશી.

શ્વે. કો. ની કમીટીનું અધિવેશન ભરાઇ ગયું સુષુપ્ત જીવનમાં જાગૃતિનો કંઇ સંચાર થઇ ગયો. વાદળમાં ઢંકાએલ તારક ગણુ પ્રકાશમાં આવી અદ્રશ્ય થઇ ગયું તેજ પછી છાયા તેતો સજ્જન જુનાં છે ને ! પરંતુ આમ ક્યાં સુધી આવી નામની જાગૃતિ માટે અધિવેશનો ભરશું ? ક્યાં સુધી આવું નમાલું નેતૃત્વ જાળવશું ? સંસ્થા પાસે પૈસા નથી એટલે કાર્ય ક્યાંથી કરવું. આ દલીલ સૌ કોઇ આગળ મૂકે છે દુનિયામાં કોઇ કાર્ય કરતી સંસ્થા પૈસા વિના અટકી છે ? કોન્ફરન્સ હો કે કોઇપણ સંસ્થા જો પ્રજા જાગૃતિમાં કે સામાજીક સેવામાં સફળ ન બની હોય તો તે રચનાત્મક કાર્યના અભાવે, પ્રાણવાન કાર્યકરોને અભાવે, સંગઠનના અભાવે એમ કહીયે તો તે સત્ય છે. તેનું કાર્ય નાણાંને અભાવે અટક્યું છે એમ કોઇ કહેતો તે ગળે ઉતરે તેવી વાત નથી. સામાજીક ઝઘડાઓ, ધાર્મિક તકરારો, વહીવટી સડાઓ કે સંસ્થાઓના કારભારો સંબંધમાં કોન્ફરન્સે શું સંગીન કાર્ય કર્યું છે ? વર્તમાન જૈન જગતની સર્વદેશીય પ્રગતિકારક કાર્યો માટે કોન્ફરન્સે શું માર્ગસૂચન કર્યું છે. કોન્ફરન્સના કયા કાર્યકરો મોટા શહેરો સિવાયના જૈન ગામના 'મહાજનો' સાથે સંપર્કમાં આવી કોન્ફરન્સની નીતિ રીતિ. તેનું કાર્યક્ષેત્ર કે એવી અનેક બાબતોની ચર્ચા કરી છે. અમને તો લાગે છે કે કોન્ફરન્સને જે અકાળે વૃધ્ધત્વ આવ્યું છે તે તેની કાર્યપધ્ધતિને લઇનેજ. દુનિયામાં કોઇ સંસ્થા પૂર્ણ હોવાનો દાવો ન કરી શકે અને છે પણ નહિ, કોન્ફરન્સને તે નિયમ જરૂર લાગુ પડી શકે, પરંતુ તે સાથે એટલું યાદ રાખવું ઘટે કે સમાજે જે વિશ્વાસ તે સંસ્થાની અંદર નિરૂપણ કર્યો છે તેનો બદલો સમાજને મળવો જ જોઇએ. દિન પ્રતિદિન એવા અનેક પ્રશ્નો ઉપસ્થિત થતાં જાય છે કે જે પ્રશ્નોનું નિરાકરણ કોન્ફરન્સ જેવી અગત્યની સંસ્થા ન કરે તો દિવસે દિવસે જૈન સમાજનું સંખ્યાબળ તો નહિંજ પરંતુ બીજા અનેક પ્રકારે હાનિ થવા સંભવ છે. આ અધિવેશન અને તીખાં મોળાં ભાષણોની રમઝટ પછી નીચેની થોડી સૂચનાઓ પર કોન્ફરન્સનું સુકાન ધ્યાન આપશે તો કોન્ફરન્સ જીવંત સંસ્થા બનશે તેવી શ્રધ્ધા ઉપજે છે:—

૧. કોન્ફરન્સનું પ્રકાશન ખાતું (Publicity Dopt,) વધારેમાં વધારે જીવંત બનવું જોઇએ અને કોન્ફરન્સના કાર્યક્ષેત્રની, ઉદ્દેશની અને નીતિરીતિની માહિતીનો જેમબને તેમ વધારેમાં વધારે ફેલાવો થવો જોઇએ.

૨. જૈન સમાજના કોઇપણ સળગતા પ્રશ્ન પરત્વે કે ઉપયોગી બાબતો પરત્વે માહિતિ પૂરી પાડવા માટે કોન્ફરન્સની ઓફિસે સુષુપ્ત ન બનવું જોઇએ.

૩. ફક્ત ધનાઢ્ય હોય તેવાનેજ નહિ પરંતુ યુવકો અને પીઢ વર્ગનો પ્રત્યેક શહેર અને જીલ્લામાં વિશ્વાસ સંપાદન કરેલ હોય અને વખત કે પૈસાનો થોડો ઘણો ભોગ આપી શકે તેવી વ્યક્તિઓને પ્રાંતિક કે જીલ્લાવાર મંત્રીઓ બનાવી ત્યાંના સ્થાનિક પ્રશ્નો બાબતમાં મંત્રીઓ દ્વારા કોન્ફરન્સે ઘટતી સૂચનાઓ કરી કાર્યકરોને તેમના કાર્યમાં ઉત્તેજન આપવું.

૪. કોન્ફરન્સના મહામંત્રીઓએ કે કાર્યકરોએ દરેક અધિવેશન અગાઉ એક વખત તો અમૂક અમૂક સ્થળોની મુલાકાત લેવીજ જોઇએ અને કોન્ફરન્સનું કાર્ય કેવી રીતે થયું છે અને કેવી વધારે સારી રીતે થઇ શકે તેનો મહાસમિતિને રીપોર્ટ કરવા જોઇએ.

૫. આપણા સામાજીક કાર્યકરોએ પોતાનું કાર્ય 'રાષ્ટ્રભાવના' ને દ્રષ્ટિ સન્મુખ રાખીનેજ કરવું જોઇએ જેથી આપણું કાર્ય કોમવાદ કે સંપ્રદાયવાદના વહેણુ તરફ ન ઢળી જાય.

૬. જ્યાં જ્યાં જૈન યુવક સંઘો કે જ્ઞાતિ સંસ્થાઓ છે તેમના નિકટ સંપર્કમાં આવી તેમની દ્વારા જે સમાજ હિતકારક કાર્ય થઇ શકે તે કાર્ય કરવાની દરેક તક કોન્ફરન્સના કાર્યકરોએ જતી કરવી ન જોઇએ, યુવકો અને અનુભવી વૃધ્ધોના સહકારથી જે કાર્ય દીપી નીકળશે તે ગત મતાંતરથી કદી સંપૂર્ણ બની શકશે નહિં.

૭. નાણાંના વારંવાર ઉઘરાણાને બદલે એક વગદાર કમીટી નીમી એક મોટી રકમનું સ્થાયી ફંડ ભેગું કરવાની કાર્યવાહકોએ યોજના વિચારવી જોઇએ.

## સમાચાર

**ઉદાર સખાવત**:—જામનગર નિવાસી શેઠ પોપટલાલ ધારસી તરફથી જામનગર ખાતે રૂપીયા એક લાખને ખરચે સુવની હોસ્પીટાલ ઉઘાડવામાં આવી છે.

**જયંતિ મહોત્સવ**:—ચૈત્ર સુદિ ૧૩ ને શુક્રવારના રોજ રાત્રીના (સ્ટા. ટા.) ૮–૧૫ કલાકે હીરાબાગ ખાતે આચાર્ય શ્રી આનંદશંકર બાપુભાઇ ધ્રુવના પ્રમુખપણા નીચે જૈનોની ચારે ફીરકાની કોન્ફરંસો તરફથી શ્રી મહાવીર જયંતિ ઉજવવામાં આવશે.

**ધુલીયા**:—ન્યા. વિશારદ, ન્યાયતીર્થ મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ ધુલીયા ખાતે તા. ૨૪–૨૫મી એપ્રીલે મળનાર સર્વધર્મ પરિષદ્ વખતે જૈન તત્ત્વજ્ઞાન વિષે નિબંધ વાંચશે.

**શીહોર**:—શ્રી લબ્ધિસૂરિ શીહોર ખાતે બે નાનાં બાળકોને દીક્ષા આપનાર છે. એવી અફવા ફેલાણી છે. શીહોરનો યુવકવર્ગ અને શ્રી સંઘ જાગ્રત બને.

**સરહદ પ્રાંત**:—વઝીરીસ્તાન વિભાગ પર ચોવીસે કલાક ચાલુ બોંબ મારો શરૂ કરવામાં આવ્યો છે. લશ્કરી સરંજામ લઇ જતી એક ટુકડી પર તાપફાવાળાઓએ હલ્લો કરતાં ૨૯ સૈનિકો માર્યા ગયા હતા, અને ચાલીશ બીજા ઘાયલ થયા હતા. મોટી ખુવારી પછી તાપફાવાળા નાસી ગયા હતા. કુલ ૨૭ વિમાનો વઝીરીસ્તાન ઉપર બોંબમારો ચલાવી રહ્યા છે.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે એોનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.